મે (દ્વિતીય) ૨૦૨૦ | ₹ ૩૦.૦૦

ચંપક

ઘરે રહીને પ્રવાસ કરો!



VISIT…

LANZAROTE Caliente.COM

ચંપક

અંક : ૧૦૪૯



FOUNDER
VISHWA NATH
1917-2002




ટૂંકી વાર્તાઓ

મજાની મજા

ચિત્રવાર્તાઓ

મુખપૃષ્ઠ

પ્રવાસ અનેક યાદોથી ભરપૂર હોય છે. જો તમે પ્રવાસ નથી કરી શકતા તો નવા આઈડિયા અને અદ્ભુત પ્રવાસ કથા જાણવા માટે પૃષ્ઠ ૨૨ ચેક કરીને વાંચવા તૈયાર થઈ જાઓ.



વિશેષ પૃષ્ઠ

સંપાદક અને પ્રકાશક ● પરેશ નાથ

મુખ્ય સંપાદન, જાહેરખબર અને પ્રકાશન કાર્યાલય : દિલ્લી પ્રેસ ભવન, ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, રાણી ઝાંસી માર્ગ, નવી દિલ્લી - ૧૧૦૦૫૫.
ફોન : ૦૧૧૪૧૩૯૮૮૮૮ ફેક્સ : ૦૧૧-૨૩૬૨૫૦૨૦
અમદાવાદ સંપાદન અને જાહેરખબર વિભાગ : દિલ્લી પ્રેસ, ૩૧, નારાયણ ચેમ્બર્સ, આશ્રમ રોડ, અમદાવાદ - ફોન : ૨૬૫૭૭૮૪૫ ફેક્સ : ૨૬૫૭૭૦૬૩
દિલ્લી પ્રેસ પત્ર પ્રકાશન પ્રાઈવેટ લિમિટેડ વતી પ્રકાશક અને મુદ્રક પરેશ નાથ દ્વારા પીએસ પીસી પ્રેસ પ્રાઈવેટ લિમિટેડ, ડીએલએફ-૫૦, ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફરીદાબાદ, હરિયાણા-૧૨૧૦૦૩, દિલ્લી પ્રેસ ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, નવી દિલ્લીથી પ્રકાશિત.

Editor, Publisher & Printer : Paresh Nath
Printed at PS PC Press Pvt. Ltd. DLF-50, Industrial Area, Faridabad, Haryana-121003. and Delhi Press E-8, Jandewala Estate New Delhi - 110 055 and Published on behalf of Delhi Press Patra Prakashan Private Ltd.
From E-8, Jhandewala Estate, New Delhi - 110 055

વાર્ષિક લવાજમ માત્ર ડ્રાફ્ટ/મનીઓર્ડરથી ‘ચંપક’ના નામે ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, નવી દિલ્લી-૧૧૦૦૫૫ ખાતે મોકલવા. ચેક તથા વી.પી.પી. સ્વીકારાતા નથી.
કિંમત : ૩૦ રૂપિયા. એક વર્ષ માટે ૭૫૦ રૂપિયા, બે વર્ષ માટે ૧,૪૫૦ રૂપિયા, (ભારતમાં).

તમારી વાર્તા, કવિતા, ડ્રોઈંગ્સ અને ક્રાફ્ટ્સ અહીં મોકલી શકો છો : writetochampak@delhipress.in
www.facebook.com/ChampakMagazine **અને** https://www.youtube.com/ChampakSciQ

લખનૌનો મોટો ઈમામવાડો

વાર્તા • કુમુદ કુમાર

ચંપકવન સ્કૂલના વિદ્યાર્થી ખૂબ ખુશ હતા. તેમની ટીચર સોની હરણીએ તેમને જણાવ્યું કે આ વખતે સ્કૂલના બાળકો નવાબોની નગરી લખનૌમાં ફરવા જશે.

શતાબ્દી એક્સપ્રેસમાં બેસીને ચીકૂ સસલો, મીકુ ઉંદર, ડિક્કી ગધેડો, બાંકુ મરઘો, ગિલ્લો ખિસકોલી, જંપી વાંદરો, મોટુ હાથી, બ્લેકી રીંછ વગેરે વિદ્યાર્થી પોતાના ટીચર સોની હરણી સાથે લખનૌ પહોંચી ગયા. ચાર બાગ રેલવે સ્ટેશનની શાનદાર ઈમારતને જોઈને બાળકો સમજી ગયા કે લખનૌમાં તેમને અચૂક શાનદાર ઈમારતો જોવા મળશે.

ચેકિંગ પછી હોટલમાં પોતાનો સામાન મૂક્યો અને ફ્રેશ થઈનેબધા બાળકો હોટલની લોનમાં પોતાના ટીચરને ઘેરીને બેસી ગયા.

ટીચરે બાળકોને જણાવ્યું કે લખનૌમાં કયા કયા જોવાલાયક સ્થળો છે અને તેમણે કયા સ્થળ ક્યારે ફરવાના છે.

‘‘બાળકો, સૌથી પહેલાં આપણે લખનૌનો પ્રસિદ્ધ વિશાળ ઈમામવાડો જોવા જઈશું. તેને આસફી ઈમામવાડો પણ કહે છે.’’ તેણે કહ્યું.



ત્યારે ગિલ્લો ખિસકોલીએ નારાજગી વ્યક્ત કરતા કહ્યું, ''ના મેડમ, પહેલાં ભુલભુલામણી જોવા જઈએ. મેં સાંભળ્યું છે કે ત્યાં ફરવાની ખૂબ મજા આવે છે. ત્યાં સહેલાણી રસ્તો ભૂલી જાય છે.''

''ગિલ્લો, જાણે કે તું રસ્તો ભૂલી ગઈ છે. તને ખબર નથી કે વિશાળ ઈમામવાડાની સાંકડી ગલીના રસ્તાને જ ભુલભુલામણી કહે છે.'' સોની હરણી હસી.

આ સાંભળતા જ બધા બાળકો ખડખડાટ હસી પડ્યા. ગિલ્લો પોતાની અજ્ઞાનતા પર શરમાઈ ગઈ, પરંતુ તે મનોમન ખુશ હતી કે સૌથી પહેલાં તેની પસંદની જગ્યા ભુભુલામણી જ બધા ફરવા જશે.

બીજી સવારે બધા બાળકો રંગબેરંગી પોશાક પહેરીને સોની ટીચરની સાથે સિટી બસમાં બેસીને જૂના લખનૌ તરફ ચાલી નીકળ્યા. ત્યાં ગોમતી નદી પાસે વિશાળ ઈમામવાડા આવેલો હતો.

મોટા ઈમામવાડા પહોંચીને સોની ટીચરે ગાઈડ લંબુ જિરાફ સાથે વાત કરી. જે જૂના લખનૌની ઈમારતો બતાવવા માટે તૈયાર થઈ ગયો. સૌથી પહેલાં તેણે મોટા ઈમામવાડા બતાવવા માટે તેમને ટિકિટ ખરીદવામાં મદદ કરી.


લહેંગો પહેરીને ગિલ્લોને ભુલભુલામણી જોવાની ખૂબ ઉતાવળ હતી. તે પોતાનો લહેંગો પકડીને બધાથી આગળ ચાલી રહી હતી.

લંબુ ગાઈડ તેમને ઈમામવાડાની સીડીઓ ચઢાવવા લાગ્યો. તેમને જણાવ્યું કે ઉપર જવા માટે ૮૪ સીડીઓ છે. પછી શું હતું ગિલ્લો ઝડપથી સીડીઓ ચઢવા લાગી.

લંબુ ગાઈડ પણ તેમની સાથે સાથે ઉપર ચઢવા લાગ્યો. ત્યારે એક જગ્યાએ સીડીઓમાં વળાંક આવ્યો. એક રસ્તો ઉપર જતો હતો અને એક નીચે.

ગિલ્લોએ વિચાર્યું કે ઉપર જવા માટે ઉપરની સીડીઓ ચડવી પડશે. બસ આ જ તેની ભૂલ હતી. તે રસ્તો આગળજતા બંધ હતો. ગિલ્લો ચકિત થઈ ગઈ.

ત્યારે લંબુ ગાઈડે જણાવ્યું, ''બાળકો, આ જ તો ભુલભુલામણી છે. આ દુશ્મનને દગો આપવા માટે



બનાવવામાં આવી. હકીકતમાં અહીંથી ઉપર જવા માટે પહેલાં કેટલીક સીડીઓ નીચે ઊતરવી પડે છે પછી ત્યાંથી ઉપર જવા માટે રસ્તો છે. અજાણ બાહ્ય વ્યક્તિ ત્યાં છેતરાઈ જાય છે જેમ કે ગિલ્લો છેતરાઈ.''

આ સાંભળીને ગિલ્લો એકવાર ફરીથી શરમાઈ ગઈ જ્યારે બાકી બચ્ચાં હસવા લાગ્યા.


તે પછી લંબુ ગાઈડ તેમને યોગ્ય રસ્તેથી ઉપર લઈ ગયો. ત્યાં પહોંચીને તેણે કહ્યું, ''બચ્ચાં, હવે હું તમને આ ઈમારતની દિવાલોમાં કરાયેલી કારીગરીની કમાલ બતાવીશ. તમે બધા ટીચર સાથે લગભગ ૫૦ મીટર દૂર બીજા કિનારે કોઈનો અવાજ તમને બીજા કિનારે સંભળાશે.''

તે સાંભળતા જ બધા બાળકો પોતાની ટીચર સોની સાથે આ જાદૂને જોવા માટે ઝડપથી બીજા કિનારે જઈને ચુપચાપ ઊભા થઈ ગયા. લંબુએ જેવો બીજા કિનારે કાગળ ફાડ્યો તેના ફાટવાનો સ્પષ્ટ અવાજ તેમને ત્યાં સંભળાયો.

બધા બાળકો આશ્ચર્યમાં પડી ગયા કે આટલે દૂર કાગળના ફાટવાનો અવાજ કેવી રીતે સંભળાયો.

ત્યારે લંબુ ગાઈડે તેમને આવીને કહ્યું કે ઈમારતને એ રીતે બનાવવામાં આવી છે કે સામાન્ય સળવળાટનો અવાજ પણ સંભળાય. જો વ્યક્તિ દૂર ઊભી હોય ત્યારે પણ અવાજ સંભળાય.

પછી લંબુ ગાઈડે ઉપરના માળની બારીમાંથી ઈશારો કરતા કહ્યું, ''બચ્ચાં, આ બારીઓ એ રીતે બનેલી છે કે મુખ્ય દ્વારથી આવનાર વ્યક્તિ દેખાય, પરંતુ બારીમાંથી જોનાર વ્યક્તિને બહારની વ્યક્તિ બારીમાંથી બિલકુલ પણ ન જોઈ શકે.''





પછી તો બધા બચ્ચાં બારીઓમાંથી ડોકિયા કરીને જોવા લાગ્યા.

ભુલભુલામણી ફેરવ્યા પછી લંબુ ગાઈડ બધાને સીડીઓથી નીચે લઈ આવ્યો. હવે તે તેમને ફરીથી મુખ્ય ઈમામવાડાની ઈમારત સામે લઈ આવ્યો. તેણે કહ્યું, ''બચ્ચાં, આ મોટા ઈમામવાડાની મુખ્ય ઈમારત છે. તેની લંબાઈ ૧૬૭ ફૂટ અને ઊંચાઈ ૫૩ ફૂટ છે. તેનું નિર્માણ ઈરાની શૈલીમાં થયું છે.''

પછી તે તેમને ઈમામવાડાની અંદર લઈ ગયો. વિશાળ છત જોઈને બધા બાળકો આશ્ચર્યમાં પડી ગયા.

''મિસ્ટર લંબુ, આટલી સુંદર અને ચકિત કરી દેનારી ઈમારત કોણે અને ક્યારે બનાવડાવી હતી?'' ચીકુ સસલાએ પોતાની નાનકડી પૂંછડી હલાવતા પૂછ્યું.


''બચ્ચાં, આ ઈમારતનું નિર્માણ અવધના નવાબ આસફઉદ્દૌલાએ ૧૭૮૪ ઈ.સ.માં કરાવ્યું હતું. તેને બનાવડાવ્યું હતું મરહૂમ હુસૈન અલીની શહીદીની યાદમાં, પરંતુ તેનું તાત્કાલિક કારણ કંઈક જુદું જ હતું.''

''તે શું કારણ હતું.'' મોટુ હાથીએ સૂંઢ હલાવતા કહ્યું.

''બચ્ચાં, ૧૭૮૪માં અવધમાં ભયંકર દુકાળ પડ્યો હતો. પ્રજા પરેશાન હતી. લખનૌના સજ્જન ઘરના લોકોની પણ ભૂખે મરવાની સ્થિતિ આવી ગઈ હતી. પરેશાન લોકોને રાહત આપવા માટે આસફઉદ્દૌલાએ ઈમામવાડાનું નિર્માણ શરૂ કરાવડાવ્યું હતું સામાન્ય માણસો દિવસે અને સજ્જન ઘરના લોકો મશાલની રોશનીમાં રાત્રે કામ કરતા હતા.''

''તેનો અર્થ, ઈમામવાડાને બનાવવા માટે દિવસરાત કામ ચાલતું હતું. પછી તો તેમાં કેટલાય લોકો કામ કરતા હશે અને તેની પર ખર્ચ પણ ખૂબ થયો હશે?'' જંપી વાંદરાએ પૂછ્યું.

''બાળકો, ઈમામવાડાને બનાવવામાં લગભગ ૨૦ હજાર લોકોને કામ મળ્યું હતું અને તે સમયે તેને બનાવવામાં લગભગ ૧૦ લાખ રૂપિયા ખર્ચ થયો હતો.



તે સમયના હિસાબે આ એક મોટી રકમ હતી.''

''પછી તો નવાબ આસફઉદ્દૌલા ખૂબ દયાવાન નવાબ રહ્યો હશે જે તેમણે આટલા લોકોની મદદ કરી.'' બ્લેકી રીંછે પૂછ્યું.

''હા, બાળકો, એટલે આસફઉદ્દૌલા વિશે કહેવાય છે, જેને કોઈ ન આપે, તેને આપે આસફઉદ્દૌલા.'' લંબુ જિરાફ બોલ્યો.

''તો અંકલ, આ ઈમારતનો કોઈ શિલ્પકાર પણ રહ્યો હશે?'' મીકુએ પૂછ્યું.

''બચ્ચાં, ઈમામવાડાનો શિલ્પકાર હતો કિફાયત ઉલ્લાહ. નવાબને તેનો નકશો ખૂબ પસંદ આવ્યો હતો. તેના મત પ્રમાણે ઈમામવાડાનું નિર્માણ થયું.''

''આ ઈમામવાડાની સૌથી મોટી ખાસિયત એ છે કે આ ઈમારતને બનાવવામાં ઈંટ અને સારા પ્રકારનો ચૂનો ઉપયોગમાં લેવાયો હતો. લાકડું, લોખંડ અને સિમેન્ટનો ઉપયોગ બિલકુલ નથી થયો.''

દુનિયામાં આટલી મોટી અને આ પ્રકારની છત બીજી કોઈ નથી.

તે સાંભળીને બચ્ચાં આશ્ચર્યમાં પડી ગયા આટલી વિશાળ છત લોખંડ વિના, લાકડા અને સિમેન્ટ વિના કેવી રીતે ટકી શકે છે.

તે પછી લંબુએ તેમને ઊંડો કૂવો અને મસ્જિદ બતાવ્યા જે ઈમામવાડાના પરિસરમાં જ હતા. તેમણે આ બધું જોવા માટે લંબુ જિરાફને ધન્યવાદ આપ્યા. આરામ કરવા માટે તે પાછા પોતાની હોટલ ગયા, જેથી તે બીજા દિવસે ચંપકવન પાછા જઈ શકે. ●

સુંદર રંગ પૂરો



કુતુબમિનાર કોણે બનાવ્યો

વાર્તા • ઈલિકા પ્રિય

રવિ પોતાના પિતરાઈ ભાઈના ઘરે દિલ્લી આવ્યો હતો. તે કાકા-કાકી અને પૂરા પરિવાર સાથે ફરવા નીકળ્યો હતો. આજે તે બધા દિલ્લીના મહરોલી જઈ રહ્યા હતા કુતુબમિનાર જોવા. રવિએ પુસ્તકોમાં વાંચ્યું હતું કે કુતુબમિનાર દુનિયાનો સૌથી ઊંચો મિનારો છે, પરંતુ આજે જ્યારે તે જાતે તેને જોવા જઈ રહ્યો હતો, તો મનમાં ઉત્સુકતા વધી ગઈ.

તે જાણતો હતો કે કુતુબમિનારને દિલ્લી સલ્તનતના સંસ્થાપક કુતુબુદ્દીન ઐબકે લગભગ ઈ.સ. ૧૧૯૯ માં બનાવડાવ્યો હતો. અન્ય કેટલીય વાતો હતી જેને તે જાણવા ઈચ્છતો હતો અને એમ વિચારીને કે તે કુતુબમિનાર જોવા જઈ રહ્યો છે, ખૂબ ખુશ હતો. થોડી જ વારમાં ત્યાં પહોંચી ગયા. રવિ ફરીફરીને ચારેય બાજુ જોઈ રહ્યો હતો.

''બાપ રે, કેટલો ઊંચો છે આ મિનારો.'' રવિ બોલ્યો.

''હા. આ ખૂબ ઊંચો છે. તેની લંબાઈ લગભગ ૭૩ મીટર છે.'' કોઈએ કહ્યું.

રવિએ વળીને જોયું, ફાટેલાજૂના ગંદા કપડાં પહેરી એક છોકરો તેની બાજુમાં ઊભો હતો. આ તેણે જ કહ્યું હતું.

રવિએ તેની સામે ધ્યાન ન આપ્યું, કારણ કે તેના હાથપગ ખૂબ ગંદા હતા. વાળ ખૂબ અસ્તવ્યસ્ત હતા અને ગંદા હતા. રવિ પૂરો મિનારો ફરીને જોવા ઈચ્છતો હતો. તે ત્યાંથી



ખસ્યો અને બીજી જગ્યાએ જઈને બોલ્યો, ''નીચેથી તે પહોળો લાગે છે અને ઉપર પાતળો.''



''હા, તેનો આધાર ૧૫ મીટર છે, પણ જુઓ, ઉપર આ ૨.૫ મીટર સુધી ઘટી ગયો છે. ખૂબ મહેનત લાગી હતી તેને આ રીતે બનાવવામાં.'' તે છોકરાએ ફરી કહ્યું.

રવિએ તેની તરફ આશ્ચર્યથી જોયું, ''હું આની સાથે વાત નથી કરી રહ્યો છતાં આ જવાબ કેમ આપે છે અને આને આટલી જાણકારી કેવી રીતે છે?'' રવિને આ વખતે ગુસ્સો ન આવ્યો, તેણે પણ કેટલાક સવાલ પૂછ્યા, ''કેટલા માળ છે આમાં?''

''કુતુબમિનાર ૭૨.૫ મીટર ઊંચી ઈંટોનો બનેલો પાંચ માળનો મિનારો છે. તેના પરિસરમાં લોખંડનો જે સ્તંભ છે તેને તું હમણાં જોઈશ, તે ૯૦૦ હજાર વર્ષ જૂનો હોવા છતાં પણ તેને અત્યાર સુધી કાટ નથી લાગ્યો.'' તે છોકરાએ જણાવ્યું.

રવિએ આશ્ચર્યથી ફરી જોયું. ખુશ થતાં રવિએ ફરી પૂછ્યું, ''તું તો ઘણું બધું જાણે છે, તારું નામ શું છે?''

''મારું નામ પપ્પુ છે, હું અહીં નજીકમાં જ રહું છું.'' પપ્પુએ કહ્યું.

''અને મારું નામ રવિ છે. હું દિલ્લી ફરવા મારાં કાકા-કાકી પાસે આવ્યો છું.'' રવિએ પપ્પુ સાથે હાથ મિલાવતા કહ્યું.

આખરે તે પણ તેની ઉંમરનો છોકરો હતો. ભલે ને પપ્પુ અસ્વસ્થ હતો અને તેનાં કપડાં ફાટેલાં હતાં, પરંતુ રવિની તેની સાથે મિત્રતા થઈ ગઈ.

''પપ્પુએ તેમને કુતુબમિનાર વિશે જણાવ્યું : કુતુબુદ્દીન ઐબક દિલ્લી સલ્તનતના પહેલાં શાસક હતા. તેના ત્રણ માળ ઈલ્તુમિશે બનાવડાવ્યા હતા, તે પછી વીજળી પડવાથી ઉપરનો માળ ગંભીર રીતે તૂટી ગયો હતો, ત્યારે ફિરોજ શાહ તુગલક શાસનનો ત્રીજો શાસક હતો. તેણે તેના બે માળનું ફરીથી નિર્માણ કરાવ્યું હતું.''

''અચ્છા આ મિનારો ઝુકેલો કેમ છે?'' રવિએ પૂછ્યું. હવે રવિ અને પપ્પુ એકબીજા સાથે ફરી રહ્યા હતા.

''કારણ કે ઘણીવાર તેની મરામત થઈ છે. તે દરમિયાન કેટલાય માળ પણ બનાવવામાં આવ્યા.'' પપ્પુએ કહ્યું.

''અચ્છા, એક વાત જણાવીશ?''

''પૂછ.''

''તું આ મિનારા વિશે આટલું કેવી રીતે જાણે છે?''

''કારણ કે આ મિનારા સાથે અમારા પરિવારનો

સંબંધ જોડાયેલો છે.'' પપ્પુએ તરત કહ્યું.

''શું? હું કંઈ સમજ્યો નહીં.'' રવિ ફરી બોલ્યો.

''મારા પૂર્વજોએ આ મિનારો બનાવવા માટે મજૂર તરીકે કામ કર્યું હતું. જ્યારે કુતુબુદ્દીન ઐબકે તેને બનાવવાનો આદેશ આપ્યો હતો, મારા પૂર્વજ દિવસરાત મહેનત કરતા હતા, પછી ઈલ્તુતમિશે તેને બનાવડાવ્યો તેમાં પણ મારા બીજા દાદાએ ભાગ લીધો અને ખૂબ મહેનત કરીને તેને બનાવડાવ્યો, પછી જ્યારે ૧૩૬૯માં પણ વીજળી પડવાથી ઉપરનો માળ તૂટી ગયો હતો, મારા પૂર્વજોએ તેને ફરી બનાવડાવ્યો. જ્યારે જ્યારે તેની મરામત થઈ, મારા પરિવારનું કોઈ ને કોઈ સામેલ રહ્યું, કારણ કે મારો પરિવાર મજૂર પરિવાર હતો.'' પપ્પુએ કહ્યું.

''અચ્છા, એટલે તું આટલું જાણે છે?'' પૂરી વાત રવિને સમજાઈ ગઈ.

''હા.'' કહીને પપ્પુ ઉદાસ થઈ ગયો. જાણે કંઈ વિચારી રહ્યો હોય.

''શું થયું?'' રવિએ પૂછ્યું.

''મિત્ર, તું જાણે છે કે કોઈ ઐતિહાસિક ઈમારતને બનાવવામાં સૌથી વધારે કોઈ મહેનત કરે છે, તો તે છે મજૂર. પરંતુ તેનું ક્યાંય કોઈ કામ નથી હોતું. કુતુબમિનાર ઐબકે બનાવડાવ્યો, પણ મહેનત કોણે કરી મારા પૂર્વજો અને તેમના જેવા અન્ય લોકોએ, પણ તેમના વિશે કોઈ નથી જાણતું.'' પપ્પુ બોલ્યો.

રવિ દંગ રહી ગયો હતો, આ વાત તો તેણે ક્યારેય વિચારી જ નહોતી. પપ્પુ બિલકુલ સાચું કહી રહ્યો છે. કુતુબમિનાર પણ એક ઐતિહાસિક વારસો છે, જેને આપણે જાણતા પણ નથી, કેવી રીતે, કેટલાય લોકોએ મળીને બનાવ્યો, તેમને કેટલો સમય લાગ્યો, કેટલી મહેનત લાગી? તેમની સ્થિતિ શું હતી.

રવિએ વિચારીને કહ્યું, ''સાચું કહી રહ્યો છે દોસ્ત, કમ સે કમ આપણને એ તો ખબર હોવી જોઈએ કે લોકોએ કેટલી મહેનત કરી? શું શું મુશ્કેલીઓ સહન કરી? તું અહીં રહે છે?''

''હા, હું અહીં રહું છું નજીકમાં. મારા પપ્પા પણ મજૂર છે, તે સાફસફાઈનું કામ કરે છે. અમે લોકો ઘણીવાર અહીં આવીએ છીએ, કારણ કે આ અમારા પૂર્વજોએ ખૂબ મહેનતથી બનાવ્યો છે.'' પપ્પુએ હસીને કહ્યું.

રવિએ કુતુબમિનાર સામે જોયું અને બોલ્યો, ''હકીકતમાં આ બનાવનારા લોકોએ કેટલી મહેનત કરી હશે.''

થોડીવાર બંને સાથે ફર્યા. પછી રવિ પોતાનાં કાકા-કાકી સાથે ઘરે પાછો આવ્યો. આ પહેલાં તેણે ક્યારેય કોઈ ઐતિહાસિક વારસાની આટલી વિશેષતા નહોતી સાંભળી, જે આજે જોઈ અને સાંભળી. ઘરે પાછા આવીને બધાને કહેશે, પપ્પુ વિશે જણાવશે કે કુતુબમિનારને પપ્પુના પૂર્વજોએ ખૂબ મહેનતથી બનાવ્યો હતો. ●


ONKAR MAHAMUNI

ડમરુ અને સમાચાર સંપાદક શેંકી

ચિત્રવાર્તા ● શિવેશ શ્રીવાસ્તવ

ડમરુ ફૉરેસ્ટ ન્યૂઝ પેપરના સંપાદક શેંકી વાંદરાને ત્યાં કામ કરી રહ્યો હતો.

ડમરુ સમાચારના બધા લેખ મારી બેગમાં મૂકી દે. કાલે છપાવા માટે મોકલવા છે.

શેઠ, સમાચાર છપાવવાની આપણને શું જરૂર?

દુનિયામાં ક્યાં શું થઈ રહ્યું છે, એ વાત લોકોને જણાવવા માટે છાપવા પડે છે.

અચ્છા, તો આ રીતે?

ડમરુ, શું તું ઘરના કામકાજની યાદી બનાવી શકે છે? મારું ઘર દુનિયાના અન્ય ઘરથી થોડું વધારે મહત્ત્વનું છે.

હા શેઠ.

ટેપ લગાવવી, કપડાં ધોવાનું, રૂમની સફાઈ કરવાનું યાદ રાખજે. આ બધા કામ કાલ સુધીમાં થઈ જવા જોઈએ.

ચોક્કસ શેઠ.

ડમરુ, મારે બહાર જવાનું છે. આ પેપરને પ્રેસમાં લઈ જા અને ત્યાં સંપાદક નંદુ હાથીને આપી દેજે.

સારું શેઠ.

શેંકી, શું આ બધા એ જ લેખ છે જે કાલના પેપરમાં છાપવાના છે?

હા, ડમરુએ તને આપી દીધા હશે.

હં...મ, આ શું બકવાસ છે? ટેપ લગાવવાની, કપડાં ધોવાના, રૂમની સફાઈ કરવાના કામ છે? ડમરુ, તેં પ્રેસમાં ઘરના કામની આ યાદી કેમ આપી દીધી?

શેઠ એવું એટલે કર્યું, કારણ કે લોકો એ જાણી શકે કે તમારા ઘરમાં શું થઈ રહ્યું છે. તમારું ઘર તો પૂરી દુનિયાથી વધારે મહત્ત્વનું છે ને.

SONAL

શું તું મારા ન્યૂઝ પેપરના બિઝનેસને બંધ કરાવવા જઈ રહ્યો છે. અત્યારે જ ભાગ અહીંથી.

તમે સારી રીતે બંધ કરી શકો છો. તમારો કર્મચારી નંદુ પણ એ જ વિચારે છે કે તમે સનકી મગજના થઈ ગયા છો.

તેં મારા ન્યૂઝ પેપરને આજે એક કોમેડી ચેનલમાં ફેરવી દીધું. હાય રે, હું તો બદબાદ થઈ ગયો.



જુઓ, હસતાં નહીં...

હાહાહા હાહાહા હીહીહી હીહીહી

ટીચર (રાહુલને) : કયા પ્રાણીને રણનું જહાજ કહેવામાં આવે છે?
રાહુલ : સોરી મેમ, હું તેનો જવાબ નથી જાણતો.
ટીચર : ઊંટ, તને આ ઉત્તર કેમ નથી ખબર?
રાહુલ : મેડમ, શું ઊંટને પણ આ બાબતની ખબર છે?

ધ્રુવ રાવા, ૧૧ વર્ષ
કોલકાતા

અનિલ (સુમનને) : તને કેવી રીતે ખબર પડશે કે ચંદ્રએ વધારે ખાઈ લીધું છે?
સુમન : જ્યારે આ પૂરો ગોળ દેખાશે.

રિથિન દેવ, ૭ વર્ષ
બેંગલુરુ

કુમુદ (બિટ્ટુને) : તું એક રૂમમાં મેકબોક્સ એક કેરોસિન લેમ્પ, એક મીણબત્તી અને અંગૂઠી લઈને જઈ શકે છે. સૌથી પહેલાં શું સળગાવીશ?
બિટ્ટુ : મેચબોક્સ.

આશના સાંઘવિ, ૮ વર્ષ
અમદાવાદ

રોહિત (સૌરભને) : હોટ ડોગને જ્યારે તેના મિત્રોએ રેસમાં હરાવી દીધા તો તેણે તેને શું કહ્યું?
સૌરભ : વાઉ, તેં ખૂબ ઊઠકબેઠક કરી છે અને મને ખૂબ માખણ લગાવ્યું, તેનો સ્વાદ હવે મેં ચાખ્યો છે.

જાહ્નવિ યાદવ, ૮ વર્ષ
જયપુર

કિટ્ટી (ચિંટુને) : કેળાની ૨ છાલને તું શું કહીશ?
ચિંટુ : એક જોડી સ્લિપર.

સરિતા રાવત, ૮ વર્ષ, વડોદરા

ટીચર (સ્મૃતિને) : ગોવિંદ અને ગોપાલ પાસે કેટલીક કેરી છે. જો ગોવિંદ ગોપાલને એક કેરી આપે છે તો તેમની પાસે સરખી કેરી થઈ જાય છે. હવે જો ગોપાલ ગોવિંદને એક કેરી આપે છે તો ગોપાલની સરખામણીમાં ગોવિંદ પાસે કેરી ત્રણ ગણી થઈ જાય છે. તો શરૂઆતમાં તે બંને પાસે કેટલી કેરી હતી?
સ્મૃતિ : મેડમ, આ વાત તો ગોવિંદ અને ગોપાલને પૂછવી ઠીક રહેશે.

સ્મૃતિ જૈન, ૧૦ વર્ષ
ભોપાલ

સીટૂ : એવું કયું ધનુષ છે જેને બાંધી શકાતું નથી?
બબલુ : ઈન્દ્રધનુષ

શ્રેયા ડે, ૯ વર્ષ
સુરત, ગુજરાત

હર્ષ (આશુને) : મેથ્સનું હોમવર્ક ઉદાસ કેમ હતું?
આશુ : કારણ કે તેમાં કેટલાય પ્રોબ્લેમ્સ હતા જે દોઢા હતા.

માધવિ પુલ્યાપુડિ, ૧૦ વર્ષ
હૈદરાબાદ

સંતા (મહિલાને) : તમારી કારનું નામ શું છે?
મહિલા : હું તેનું નામ ભૂલી ગઈ પણ 'ટી'થી શરૂ થાય છે.
સંતા : વાહ, શું જોરદાર કાર છે, જે 'ટી'થી સ્ટાર્ટ થાય છે. હું તો અત્યાર સુધી એ જ જાણતો હતો કે કાર પેટ્રોલથી ચાલે છે.

અનિકેત પાટિલ, ૧૨ વર્ષ
પટણા

ટીચર (વિદ્યાર્થીઓને) : બાળકો, કાલે શુક્ર ગ્રહ પર ભાષણ થવાનું છે. બધા બાળકો તૈયાર થઈને આવજો.
શ્યામ : સોરી મેડમ, હું નહીં આવી શકું.
ટીચર : કેમ, તારે શુક્ર ગ્રહ વિશે નથી જાણવું?
શ્યામ : ના મેડમ, એવી વાત નથી, મારી મમ્મી મને આટલે દૂર ક્યારેય નહીં જવા દે.

વિવેકવર્ધન, ૧૧ વર્ષ
મંડાવલી, દિલ્લી

તમારા ઉખાણાં, જોક્સ, ચિત્ર કે વાર્તા નામ, ઉંમર અને સરનામું તથા ફોન નં. સાથે લખો :
ચંપક, દિલ્લી પ્રેસ, એ-૪, શ્રીરામ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧
ઈમેલ : writetochampak@delhipress.in
અને SMS: 9619587613
ઓનલાઈન મુલાકાત લો :
www.facebook.com/ChampakMagazine
https://www.youtube.com/ChampakSciQ





હવાનો મહેલ

વાર્તા • પૂનમ મહેતા

ઉનાળાનો સમય હતો અને આકાશમાં સૂરજ ધગધગતો તપી રહ્યો હતો.

સોના અને મોના બંને જોડકી બહેનો નાનાનાનીને મળવા રાજસ્થાન આવી હતી. જે રાજસ્થાનની રાજધાની જયપુરમાં રહેતા હતા.

પહેલી વાર તે બંને રણને જોઈ રહી હતી, પણ જયપુરમાં ન તો રેતીના ઢગ હતા, ન તો અહીં પાણીની કોઈ કમી હતી. અહીં લીલોતરી હતી. હા, ગરમી હતી. તેમને મળીને નાની ખુશ થઈ ગયા હતા.

નાનીની તબિયત પણ સારી નહોતી, તે સારું અનુભવી નહોતા રહ્યા. તે કહેતા હતા કે સોના, મોનાના આવવાથી તે ઠીક થઈ ગઈ છે. સોના, મોના વધારેમાં વધારે સમય નાની સાથે વિતાવતા.

એક દિવસે ખૂબ ગરમી હતી અને વીજળી ઈન્વર્ટરની બેટરી પણ નાનીના મોટા ઘરમાં થોડાક કલાકમાં પૂરી થઈ ગઈ. સોના, મોના પહાડી વિસ્તારમાંથી આવી હતી, તેથી તે બંનેને વધારે ગરમી લાગી રહી હતી.

સોના અચાનક નાનીને પૂછવા લાગી, ''અહીં ગરમી ઘણી છે નાની, જૂના જમાનામાં તો પંખા નહોતા, લોકો કેવી રીતે રહેતા હશે? ગરમીથી હાલત ખરાબ થઈ જતી હશે.''

મોનાએ પણ હા માં હા મિલાવી, ''બિચારા કામ પણ નહીં કરી શકતા હોય.''

નાની બંનેની વાત સાંભળીને હસવા લાગ્યા અને બોલ્યા, ''પહેલાં આટલી ગરમી ક્યાં પડતી હતી. હવે તો પર્યાવરણ, પ્રદૂષણ અને જનસંખ્યા વધવાથી આ હાલત થઈ રહી છે.''

તેમ છતાં નાની પહેલાંના લોકો ગરમીમાં ઘરની અંદર કેવી રીતે રહેતા હશે, આજે તો એસી છે પણ તે જમાનામાં ક્યાં હતા?'' તે બંને એકસાથે બોલી.

નાની કંઈક વિચારીને બોલ્યા, ''ચાલો, તૈયાર થઈ જાઓ, તમને ફરવા લઈ જાઉં.''

બંને છોકરીઓ ખુશ થઈ ગઈ. આમ પણ લાઈટ ન હોવાથી તે બંને ઘરમાં કંઈ નહોતા કરી શકતા. નાનાએ ગેરેજમાંથી ગાડી બહાર કાઢી. મમ્મીપપ્પી, નાનાનાની, મોના અને સોના તેમાં બેસી ગયા અને સિટી પેલેસ તરફ નીકળી પડ્યા.

ગાડીની બારીમાંથી તેમણે જોયું, પિંક દીવાલ, પિંક બિલ્ડિંગ, પિંક જયપુર, ચારેય બાજુ અવરજવર, રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ લોકો, સોના અને મોનાને મજા આવી રહી હતી. સિટી પેલેસ શાનદાર હતો. જ્યાં નાનાનાનીએ ટિકિટ લીધી, 'હવામહેલ'ની. બધા બહારથી મહેલને જોઈને ખુશ થઈ ગયા.

''સવારે સૂર્યકિરણો જ્યારે મહેલની અંદર આવે છે ત્યારે પૂરો મહેલ સુવર્ણ દેખાય છે. આ દૃશ્ય જોવાલાયક હોય છે.'' મમ્મી બાળપણની યાદોને તાજી કરતા બોલી.

તે ઘણા વર્ષ પહેલાં મહેલ જોવા આવી હતી. નાનાએ એક ગાઈડ બોલાવ્યો. ગાઈડે જણાવ્યું કે ૧૭૯૯માં મહારાજા સવાઈ પ્રતાપ સિંહે આ મહેલ બનાવડાવ્યો હતો. તે મહારાજા સવાઈ જયસિંહના પૌત્ર હતા, જેમણે જયપુર બનાવડાવ્યું. મહારાજ ભોપાલ સિંહના ખેતડી મહેલ જે ઝુનઝુનમાં છે, તેનાથી પ્રભાવિત થઈને તેમણે આ મહેલ બનાવડાવ્યો હતો.

સોના અને મોના મહેલમાં જેમજેમ આગળ વધી રહ્યા હતા, ગાઈડ તે સ્મારક વિશે જણાવી રહ્યો હતો. હવા મહેલ પાંચ માળનો છે, અહીં કોઈ સીડી નથી અને લોકોએ ઉપરના માળ પર જવા રૅંપનો ઉપયોગ કરવો પડે છે. ૯૫૩ બારીઓ અને દરેક બારીમાં એક નાની જગ્યા છે જ્યાં બેસીને રસ્તાઓ જોઈ શકાય છે.

સોના અને મોનાએ પૂછ્યું, ''આટલી બારીઓ કેમ છે?''

ગાઈડે કહ્યું, ''આ શાહી મહિલાઓ માટે રોજિંદા જીવનને જોવા માટે હતી. આ મહેલમાંથી તે રસ્તા પર અવરજવર, સરઘસ બધું જોઈ શકતી હતી. તે 'પુરદાહ' પ્રણાલીના કડક નિયમોનું પાલન કરતી, જેથી તે જાહેર જગ્યાએ ચહેરો ઢાંકીને રાખતી હતી.''

''આ મહેલના વાસ્તુકાર લાલચંદ ઉસ્તાદ હતા.'' ગાઈડે જણાવ્યું. તેણે ઈન્ટીરિયર ડિઝાઈન બતાવતા જણાવ્યું, ''મહેલમાં ઈસ્લામિક મોગલ અને હિન્દુ રાજપૂત સ્થાપત્ય શૈલીનો ઉપયોગ થયો છે, જે પુષ્પ પેટર્ન, ગુંબજ, મહેરાબોમાં સ્પષ્ટ દેખાય છે.''

હવામહેલ એક છત્રી જેવો બનાવ્યો હતો.

દરેક રૂમની વચ્ચે ફુવારા અને સુંદર કલાકૃતિની સાથે નાની જાળીદાર બારીઓ છે, કોતરણી કરેલી પથ્થરની ગ્રિલ અને શણગારેલા ગુંબજ છે.





સોના, મોના મહેલની ખૂબસૂરતીમાં ડૂબેલા હતા. મમ્મી અને નાની બારીમાંથી બજાર જોઈ રહ્યા હતા.

સોનાએ અચાનક પથ્થરને ઘસ્યો.

ગાઈડ સ્મિત કરતા બોલ્યો, ''આ રેતાળ પથ્થર છે. આ આછો નહીં થાય. ગરમીમાં ઠંડો અને ઠંડીમાં ગરમ રહે છે. તેની વધારે કાળજી રાખવાની જરૂર નથી. તેથી આ પથ્થરમાંથી મહેલ બનાવડાવ્યો છે.

''પણ આ તો મહેલ છે જ નહીં.'' સોનાએ કહ્યું.

''તો પછી હવામહેલ કેમ કહેવાય છે?'' મોના પણ પૂછવા લાગી. ૫ માળને જેને 'હવા મંદિર' કહેતા હતા. તેના નામના આધારે હવામહેલ કહેવાય છે.'' નાનાએ જવાબ આપ્યો.

ખરેખર, સોના અને મોનાને આ મહેલમાં ગરમીનો અહેસાસ બિલકુલ નહોતો થઈ રહ્યો. હવા ઠંડી અને આનંદદાયક લાગી રહી હતી.

સોના મોના હવામહેલ જોઈને ખુશ થઈ ગઈ હતી. તે એટલી પ્રભાવિત હતી કે આટલા વર્ષ પહેલાં આપણા પૂર્વજોએ ગરમીથી કેવી રીતે બચવું, મહિલાઓની સ્વતંત્રતા અને મર્યાદાની રક્ષા કરવા તથા શિલ્પ અને સ્થાપત્યને જાળવી રાખવા માટે ઈમારતો બનાવી.

હવામહેલ રાજસ્થાનમાં ફરવા આવતા પર્યટકોનું મનપસંદ સ્થળ છે. તે જોઈને ખૂબ ખુશ થયા.

છૂપા ચિત્ર શોધો

આ ચિત્રમાં ૧૦ કેરી છુપાયેલી છે. તેને શોધો.



જવાબ છેલ્લા પાના પર છે.

રસપ્રદ વિજ્ઞાન

કેચઅપ પાઉચને પાણીમાં ડૂબાડો કે તરાવો

કેચઅપ પાઉચ એટલે કે ચટણીની થેલીને પાણીમાં ડૂબાડો કે તરાવીને પાણીના ઘનત્વને ઓળખો.




તમારે જોઈએ :

● કેચઅપ પાઉચ ● ૧ લિટરની એક પ્લાસ્ટિકની બોટલ જેમાં રૂમના ઉષ્ણતામાન પ્રમાણે પાણી ભરેલું હોય

આ રીતે કરો :



૧. કેચઅપ પાઉચને બોટલના પાણીમાં નાખો અને બોટલના ઢાંકણને બંધ કરી દો.



૨. બોટલને ધીરેથી હલાવી દો.

૩. હવે બોટલને છોડી દો.

જુઓ :



જ્યારે તમે બોટલના પાણીમાં કેચઅપ પાઉચને નાખો છો, ત્યારે તે તરે છે. પરંતુ જ્યારે તમે બોટલને નિચોવો છો ત્યારે પાઉચ તળિયે ડૂબી જાય છે અને જ્યારે તમે બોટલને છોડી દો છો ત્યારે પાઉચ ઉપર આવે છે અને તરવા લાગે છે.

વિચારો :

કેચઅપ પાઉચ કેમ ડૂબે અને તરે છે?

કેચઅપ પાઉચ પાણીમાં તરે છે, કારણ કે તેની અંદર હવાના પરપોટા એટલે કે એર બબલ છે જે તેને પાણીથી હળવા કે ઓછા ઘનત્વના બનાવે છે. જ્યારે તમે બોટલને નિચોવો છો અને તરતા પાઉચ વિરુદ્ધ પાણીને ધકેલો છો ત્યારે એર પરપોટા સંકોચાય છે. અહીં પાણી નથી સંકોચાતું જ્યારે ગેસ સંકોચાય છે. દબાયેલા હવાના પરપોટા પાઉચને ભારે કે વધારે ઘનત્વ ધરાવતા બનાવે છે અને આ કારણે પાઉચ ડૂબી જાય છે. ફરીથી જ્યારે તમે બોટલને ઢીલી છોડી દો છો ત્યારે પાઉચની અંદરની હવાના પરપોટા ફેલાવે છે અને પાઉચ બોટલના પાણીમાં ઉપર તરવા લાગે છે.

મસ્ટર્ડ કે સોયા સોસના એક પાઉચનો ઉપયોગ કરીને આ પ્રયોગને કરવાનો પ્રયાસ કરો. જુઓ, પાઉચ એવી વર્તણૂક કરે છે જેમ કે ઉપર તમે જોયું?

શોધો :



એક સબમરીન પાણીમાં કેવી રીતે ડૂબે કે તરે છે?

આપણા આ પ્રયોગમાં જણાવ્યા પ્રમાણે જ સબમરીન પણ આ જ સિદ્ધાંત પર કામ કરે છે. તેમાં મોટી એર ટેંક હોય છે જેને બેલસ્ટ ટેંક કહેવામાં આવે છે જે તેમને પાણીની સપાટી પર તરે છે. સબમરીનને ડૂબાડવા માટે ટેંકની અંદરની હવાને તેમાં પાણી ભરીને દબાવી દેવામાં આવે છે, જેનાથી સબમરીન ભારે થઈ જાય છે અને તેનું ઘનત્વ વધી જાય છે. તેને એક નિશ્ચિત ઊંડાણમાં રાખવા માટે સબમરીન ટેંકમાં પાણી એટલું જ જવા દે છે જેટલું તેને જોઈએ. જ્યારે સબમરીન પાણીની અંદર હોય છે તો આ સંપીડિત એટલે કે કંપ્રેસ્ડ એરને બેલસ્ટ ટેંકમાં ભરે છે જેથી ઉપરની તરફ ઊઠી શકે છે અથવા પાણીની સપાટી પર આવી શકે.



ઉખાણાં

શું તમે જાણો છો?



૧. ખરીદતી વખતે થાઉં કાળો
ઉપયોગમાં લો તો થાઉં લાલ
જ્યારે તમે મને ફેંકી દો છો
ભૂરા રંગમાં બદલાય મારા હાલ.

૨. જમીનની નીચે પગ મારા
ધડ છે મોટું ઘેરું અને ભૂરું
ઉપર છે શાખાઓ અનંત
મારી હરિયાળી બધાને પસંદ.

૩. જેટલો મને ઘસો છો તમે
તમે સાફ થતા જાઓ છો
પણ વારંવાર નહાઈને હું
નાનો થતો જાઉં છું.

૪. મારી છે એક નાનકડી આંખ
પરંતુ હું જોઈ નથી શકતી
હું ખૂબ પાતળી છું
બધાના ફાટેલાને સાંધુ છું.

૧. તે એકમાત્ર ભારતીય મહિલા કોણ હતી, જે સંયુક્ત રાષ્ટ્રસંઘની જનરલ અસેમ્બલીની અધ્યક્ષ બની હતી?
(ક) ઈન્દિરા ગાંધી
(ખ) વિજયાલક્ષ્મી પંડિત
(ગ) રીટા ફારિયા
(ઘ) ઉપરોક્ત કોઈ નહીં

૨. ઓલિમ્પિક ગેમ્સનું સૌપ્રથમ આયોજન ક્યાં કરવામાં આવ્યું હતું?
(ક) એટલાન્ટા
(ખ) સિડની
(ગ) મેક્સિકો
(ઘ) એથેન્સ


૩. નોવેલ કોરોના વાયરસનો પ્રથમ કેસ ક્યાં નોંધાયો હતો?
(ક) વુહાન, હુબેઈ
(ખ) શાંઘાઈ
(ગ) બીજિંગ
(ઘ) તિયાનજિન

૪. જ્યારે કોઈ વસ્તુ પૃથ્વી તરફ પડે છે ત્યારે તેની ગતિનું કારણ શું હોય છે?
(ક) ગુરુત્વાકર્ષણના લીધે ગતિ વધવી
(ખ) ગુરુત્વાના લીધે ચાલવું
(ગ) ગુરુત્વીય બળ
(ઘ) શૂન્યાવકાશ

જવાબ (ઉખાણાં) : ૧.-કોલસો, ૨-વૃક્ષ, ૩-સાબુ, ૪-સોય.
જવાબ (શું તમે જાણો છો?) : ૧-ખ, ૨-ઘ, ૩-ક, ૪-ગ.

ટપકાં જોડો

અંકો પ્રમાણે ટપકાં જોડો અને ચિત્ર પૂરું કરો.



આ રીતે લોકડાઉનનો સામનો કરો એ ટૂ ઝેડ

કોરોના વાયરસના લીધે આ લોકડાઉનમાં આપણે આપણા ઘરમાંથી બહાર નીકળવા અસમર્થ છીએ, જ્યાં સુધી ખૂબ જરૂરી ન હોય, આપણે ન નીકળવું જોઈએ. તમારા કંટાળાને તમે દૂર કરવા માટે નીચે આવેલી યાદીમાંથી કેટલાક કામ પસંદ કરો અને મજા કરો, કારણ કે તમે તમારા ઘરમાં રહીને જ સલામત રહેશો.



એ

આર્ટિ-વર્ચ્યુઅલ, આભાસી પ્રવાસનો આનંદ માણો

જો તમે ઈતિહાસ પ્રેમી છો, ઈતિહાસને જાણવાની ઈચ્છા છે અને સંગ્રહાલયમાં નથી જઈ શકતા તો અમે તમારી પાસે સંગ્રહાલય લાવીએ છીએ. કેરળનું લોક સાહિત્ય સંગ્રહાલય તમને સદીઓ પહેલાંની વાસ્તુકલા અને ખજાનાનો આભાસી પ્રવાસ પર લઈ જશે. જેને તમે ભુલાવી દીધો હતો. ૧૮મી સદીનો લોખંડનો ગેટ કેવો દેખાતો હતો તેને જાણો. keralafolkloremuseum.org પર લોગઈન કરો અને આભાસી પ્રવાસનો આનંદ માણો.



બી

બબ્બલ ફનની મજા લો

બબ્બલ એટલે કે સાબુના પરપોટાને ફૂંકવા ખૂબ મજેદાર હોય છે. તેને હવે આ રીતે બનાવી શકાય છે. ૪ ચમચી પાણીમાં, ચમચી લિક્વિડ સોપ અને ૨ ચમચી ખાંડ નાખો. ખાંડ કેમ, હકીકતમાં ખાંડ એક એવી વસ્તુ છે જે બબલ્સને લાંબા સમય સુધી જાળવે છે. તમારી પાસે બબલ્સ સ્ટીક નથી, વાંધો નહીં. પેપર ક્લિપ્સને વાળી લો અને બનાવી લો સ્ટીક અને ફૂંકો. બબલ્સની મજા લો.

સી

ક્રિએટિવિટી તમારા હાથમાં

ક્રિએટિવિટી આપણા વિચારોથી આવે છે. તમારી ચારેબાજુ જુઓ અને તમારી ક્રિએટિવિટીનો ઉપયોગ કરીને કેટલીક નકામી વસ્તુને રિસાઈકલ કરીને ઉપયોગી વસ્તુ બનાવી લો. જૂના પ્લાસ્ટિકની બોટલથી શરૂઆત કરો. છોડ વાવો. જૂના કાર્ડબોર્ડ બોક્સનો પણ ઉપયોગ કરો અને બાગ માલિક કે સંગઠનકર્તા બની જાઓ. માત્ર એક વિચાર શરૂઆત માટે જરૂરી હોય છે.



ડી

શોધો, ડિસ્કવર નોલેજ

શું તમે જાણવા ઈચ્છો છો કે ભરતી-ઓટ કેવી રીતે આવે છે કે કયું જંગલી પ્રાણી આફ્રિકામાં જોવા મળે છે? તમે ક્યાં દરિયાઈ કાચબા જોઈ શકો છો? હવે વધારે ન વિચારો. વીડિયોની એક લાંબી શ્રેણી સાથે તમે તમારા તમામ પ્રશ્નોના જવાબ મેળવો જે ન માત્ર બધું વિસ્તારથી તમને જણાવશે પણ તમારા મગજને પ્રવાસ પર લઈ જશે. તેને આ વેબ પર જુઓ www.virtualfieldtrips.org/video-libray/

ઈ

પ્રયોગ કરો આનંદ માણો

વિજ્ઞાન ખૂબ જ રસપ્રદ હોય છે જ્યારે તમે આ પ્રયોગ દ્વારા તમારી સામે બનતા જુઓ છો. ઘરમાં જ જોવા મળતી વસ્તુ સાથે તમે સહેલાઈથી પ્રયોગ કરી શકો છો અને અદૃશ્ય કેન્ડી કે જીવાણુ બનાવી શકો છો. પ્રયોગને તેની પર જઈને જાણી લો. redtri.com/classic-science-experiments પર જાઓ અને મજા કરો.



એફ

ફેક્ટ-ફન

શું તમે જાણો છો કે સૌથી ઝેરી દેડકામાંથી કેટલાકની સ્કિન સફેદ રંગની અને ચમકદાર હોય છે? વિશ્વમાં ૫૦ પ્રકારના બાજ છે? ફનફેક્ટ્સ દ્વારા તમે તમારી આસપાસની તમામ વસ્તુની માહિતીથી તમારા મગજને પૂર્ણ કરો. અત્યારે જ લોગઈન કરી માહિતી મેળવો. kids.britannica.com



જી
ગ્રોપ્લાંટ્સ, છોડ વાવો લોકડાઉનમાં
બધા લોકો ઘરની અંદર છે. પ્રદૂષણનું સ્તર નીચે ગયું છે. આ સમય છે જ્યારે હવાને સાફ કરી શકાય છે. એક વયસ્કની મદદથી છોડ વાવો અને એક નાનકડો બગીચો બનાવો. તમારા છોડમાં પાણી હંમેશાં રેડતા તમારો સમય પસાર કરો.

એચ
હિયર અ સ્ટોરી
જ્યારે વાંચન મજેદાર છે તો વાર્તા સાંભળવી તો વધારે મજેદાર છે કેટલીય વાર્તા છે. જેમ કે, એલિસ ઈન વન્ડરલેન્ડ, ધ જંગલ બુક, ડાયરી ઓફ અ સિક્સ્થ ગ્રેડ નિંજા, ધ રિલક્ટેંટ ડ્રેગન બીજી કેટલીય વાર્તા ફ્રી ઉપલબ્ધ છે. તેથી તેને સાંભળવા માટે www.youtube.com/champakword પર જાઓ અને કલ્પનાની દુનિયામાં પહોંચી જાઓ.

આઈ
આઈ સ્પાઈ, જાસૂસી કરો
કોઈ રહસ્યને ઉકલેવું ખૂબ મજેદાર હોય છે. ઘરમાં જ કોઈની સાથે ટીમ બનાવો અને જો શક્ય હોય તો ૨ ટીમ બનાવો. તમારી ટીમનું નામ રાખી લો અને બેઝ બનાવી લો. એક ટીમ કિંમતી વસ્તુ જેમ કે ખજાનો છુપાવશે અને સંકેત સૂત્ર જે ખજાના સુધી જાય છે, ઘરમાં જ હશે. બીજી ટીમ પર જવાબદારી રહેશે કે સૂત્રને શોધે અને ખજાના સુધી જવાનો માર્ગ શોધે. આ કામ માટે સમય નક્કી કરી લો અને જે ઓછા સમયમાં ખજાનો શોધશે, વિજેતા માનવામાં આવશે.

જે
જસ્ટ કિડિંગ, જરા હસી લે
કોણ છે જે હસવા ન ઈચ્છે? જો તમને જોક્સ સાંભળવા ગમે છે તો અહીં જોક્સનો એક દરિયો છે. દરેક જોક્સ તમને જરૂર હસાવશે અને તમે તમારા મિત્રો સાથે શેર કરો. અહીં લોગઈન કરો safeserchkids.com/finnjokes-for-kids/ કંઈક ફની શીખો અને જ્યારે તમે જોક્સ વાંચી લો તો તમારા જોક્સ બનાવવાનો પ્રયાસ કરો.



કે
ટ્રાઈ કરાટે
કરાટે પોતાનું રક્ષણ કરવાની એક રીત છે જેની ઉત્પત્તિ જાપાનમાં થઈ હતી. તેમાં રક્ષાત્મક ટેકનિક્સ એટલે કે રીત છે જેમ કે કિક્સ, પંચ અને સ્ટ્રાઈક્સ. જ્યારે તમે ઘરે છો તો કેટલાક ઓનલાઈન કરાટે ક્લાસિસ કરો જે તમારા જેમ કે શરૂઆતી બાળકો માટે જ છે. યૂ ટ્યૂબ પર કેટલાય વીડિયો છે જેનાથી કોઈ પણ શીખી શકે છે કે કેવી રીતે ચોપ, કિક અને 'હી-યા' કહેવાય છે.





એલ
લેન્ડમાર્ક જર્ની, ઐતિહાસિક સ્થળનો પ્રવાસ
તમારે દુનિયાનો પ્રવાસ કરવા માટે અત્યારે પાસપોર્ટની પણ જરૂર નથી. ૩૬૦ વિશાળદર્શી પ્રવાસની મજા લો અને વિશ્વના ઐતિહાસિક સ્થળો જેમ કે દોહાનો એક્વાપાર્ક, કેરળનો કુરુવા આઈલેન્ડ, હૈદરાબાદનો ગોલકુંડાનો કિલ્લો, ઈન્ડિયા ગેટ અને અન્ય કેટલીય વસ્તુને જોવાની મજા લો. તમારો પ્રવાસ p4panorama.com



એમ
મ્યૂઝિકલી, સંગીત શીખો
જો તમારી પાસે ઘરમાં એક વાદ્યયંત્ર છે તો તેને વગાડવાનો પ્રયાસ કરો. તે એક ગિટાર, વાયોલિન કે પિયાનો હોઈ શકે છે. તેને શીખવાની રીત ઓનલાઈન ફ્રી ઉપલબ્ધ છે. તેને વધારે મજેદાર બનાવવા માટે તમે એ શીખો કે તમે તમારા મનપસંદ ગીત કેવી રીતે વગાડશો અને તમારા પરિવાર સામે પર્ફોર્મ કરો.

એન

નેચરલી ફન પ્રકૃતિનો આનંદ

રાષ્ટ્રીય ઉદ્યાન એટલે કે નેશનલ પાર્ક હંમેશાં મજા આપનાર જગ્યા રહી છે, કારણ કે આપણે અહીં પ્રકૃતિ દ્વારા મળેલા સૌથી સારી ભેટને જોઈ શકીએ છીએ. વિશ્વના ૫ સૌથી વિશાળ અને સુંદર નેશનલ પાર્કને જુઓ. અલાસ્કાના કેનાઈ એક જોડ્‌ર્સ નેશનલ પાર્કમાં એક આભાશી ગ્લેશિયરને જુઓ, હવાઈ વોલ્કેનો નેશનલ પાર્કના સક્રિય જ્વાળામુખીની ઉપરથી ઊડો અને ટોરટુગા નેશનલ પાર્કના શિપરેકમાં ડૂબકી મારો. મજા લેવામાં કોઈ અવરોધ નથી, કોઈ પૂર્ણ વિરામ નથી. અહીં લોગઈન કરો.

artsandculture.withgoogle.com/en-us/national-parks-service/parks



ઓ

આઉટ ધ બોક્સ ક્રાફ્ટ્સ

ક્રાફ્ટ્સ તો હંમેશાં રસપ્રદ રહે છે અને તેને તો તમે તમારા ઘરમાં ઉપલબ્ધ વસ્તુઓથી સહેલાઈથી બનાવી શકો છો. એક પતંગિયું બનાવો જે તમારા ઘરમાં ઊડે છે કે એક ટહેલતો હાથી બનાવો. તેની પર લોગ ઈન કરો અને તમારા કામની દરેક પગલે તપાસ કરતા ચાલો. ક્રાફ્ટ્સની મજા લો.

thejoysharing.com/





પી

પોટર ફનની મજા

જો તમે હેરી પોટરના ફેન છો તો અહીં તમારા માટે એક ભેટ છે. તમે તમારા હાથ ક્વિઝ, ગેમ્સ અને અન્ય કેટલીય પ્રવૃત્તિ પર સાફ કરો જે હેરી પોર્ટર મૂવીઝ પર આધારિત છે. તેને લોગઈન કરો અને વાંચીને મેજિકની શોધ કરો.

www.wizardingworld.com



ક્યૂ

ક્વિઝ ટાઈમ

તમારા મગજને નિચોવો. મગજને દોડાવો. આ અદ્‌ભુત પ્રશ્નોને ઉકેલવાનો પ્રયાસ કરો અને સ્માર્ટ બનો. અલગઅલગ વિષયના પ્રશ્નો જેમ કે વહેલ, મંગળ ગ્રહ, ચંદ્ર, ધૂમકેતુ, પ્રકૃતિ અને કેળા વિશે પણ જાણવાનો પ્રયાસ કરો. તેને લોગઈન કરો અને સ્માર્ટ બનો.


kids.nationalgeographic.com/games/quizzes/

આર

રેડી, સ્ટેડી, રીડ

શું તમે કંઈક અચરજ વાંચવા, સમજવા ઈચ્છો છો? તો ઠીક છે, તમને અમે કેટલીક વાતોનો અભ્યાસ કરાવીશું. ધ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ડિજિટલ લાઈબ્રેરી પાસે એક વિશાળ સંગ્રહ છે જેમાં કેટલીય શ્રેણી છે, જેને હકીકતના પ્રાણીની ભૂમિકા, કાલ્પનિક જંતુ, મેક બિલીવ, પિક્ચર બુક્સ અને ઘણું બધું. તેની પર તમે તમારી નજર નાખો અને મજા માણવા લોગ ઈન કરો.

en.childrenslibrary.org/



એસ


સ્પેસ વોક, અંતરિક્ષની સહેલ

નાસાની ક્યૂરિઓસિટી રોવર તે દરેક વ્યક્તિને ઉઠાવવાની ઈચ્છા રાખે છે જે મંગળની આભાસી સહેલ કરવાની ઈચ્છા રાખે છે. ગ્રહની સપાટીની શોધ કરો અને તેના વિશે વધારેમાં વધારે જાણવાનો પ્રયાસ કરો. તો અંતરિક્ષ યાત્રીની જેમ તૈયાર થઈ જાઓ અને તેને લોગ ઈન કરો.

accessmars.withgoogle.com/



ટી
થિંક એન્ડ ગ્રો
પ્રવૃત્તિને ઉકેલવા માટે તમારા મગજનો ઉપયોગ કરો. શૈક્ષણિક વીડિયોને જુઓ અને તમારી આસપાસના વાતાવરણ વિશે વાંચો. એક ગ્રેડની પસંદગી કરો અને માહિતીની એક દુનિયામાં ડુબકી લગાવો જે ખાસ તો તમારા માટે બનાવેલી છે. તમે રોજના પ્રોજેક્ટ પર પણ કામ કરી શકો છો અને અજાયબ સિદ્ધાંતોની શોધ કરી શકો છો.



યૂ
અંડર ધ સ્કાય, આકાશની નીચે
શું તમે ક્યારેય રાત્રે ચંદ્ર અને તારાને જોયા છે? આ વખતે તમારી પાસે તક છે. એક ટેરેસ કે બાલકનીમાં જાઓ અને તમારા પરિવાર સાથે તારાને જુઓ. ચંદ્રના આકારને જુઓ અને તારાની સંખ્યાની ગણતરી કરો, જેને તમે જોઈ શકો છો. એક વડીલને કહો કે તે તારામંડળ એટલે કે તારાના એક સમૂહની ઓળખ કરવામાં તમારી મદદ કરે.

વી
વોયેજ ટૂ હંપી, એક પ્રવાસ
હવે જ્યારે તમે ઘરે છો તો હંપીનો વર્ચ્યુઅલ પ્રવાસ કરો. હંપી એક ઐતિહાસિક સુંદર સ્થળ છે જેની રચના ૧૩૩૬ થી ૧૫૭૦ની વચ્ચે કરવામાં આવી હતી. પહાડ પર ચઢો અને તેની પ્રશંસા કરો. તેની પર ક્લિક કરો અને તમારો પ્રવાસ શરૂ કરો.
asi.nic.in/hampi/



ડબલ્યૂ
વિઝાર્ડ ઓફ મેથ, ગણિતનો જાદૂગર
મેથ એટલે કે ગણિત માત્ર અંકો વિશે જ નથી જણાવતું, પરંતુ આ તાર્કિક અને મજેદાર પણ હોય છે. મેથના જાદૂગર માત્ર રમત રમતા બનો. સરવાળો, બાદબાકી, ભાગાકાર, ગુણાકાર અને તે જ રીતે અનેક બાબત શીખો.
www.hoodamath.com/
પર લોગ ઈન કરો અને કહો કે ગણિતના જાદૂગર બનવું કબૂલ છે.



એક્સ
ગો એન એક્સ્ટ્રા માઈલ, થોડુંક વધારે થઈ જાય. કોઈ સારું કામ પસંદ કરો. ગલીમાં ફરતા કૂતરા કે પક્ષી હોઈ શકે છે. કાળઝાળ ગરમીમાં તેમને ભૂખ અને તરસ લાગતી હશે. તેમના માટે ઘરની બહાર ખોરાક અને પાણી મૂકો. જો તમે કોઈ જખમી પ્રાણીને જુઓ છો તો વડીલને કહો કે તેની સંભાળમાં તમારી મદદ કરે. તમારા નાના-નાના કામ દુનિયાને એક સુંદર જગ્યા ચોક્કસ બનાવશે.

વાય
યમ નાઈક સ્ટાઈલ
યાર્ન અથવા ઊન ખૂબ જ મજેદાર હોય છે કારણ કે તેનાથી ઘરમાં અનેક વસ્તુ બનાવી શકાય છે. તેનો ઉપયોગ તમારા વાળ ગૂંથવા કે વેણી બનાવવામાં કરો. તમે તેના વિશે ઓનલાઈન ટ્યૂટોરિલ ક્લાસને ચેક કરી શકો છો. સુશોભનના રમકડાં, સ્પાઈડર્સ અને કેટલીય વસ્તુ બનાવવા માટે તમે ઊનનો ઉપયોગ કરી શકો છો. કેવી રીતે આવો, લોગઈન કરી જાણીઓ.
thecrafttrain.com/yarn-crafts-for-kids/



ઝેડ
ઝૂ ફ્રોમ હોમ
અત્યારે ઝૂ એટલે કે પ્રાણીસંગ્રહાલય તમારા ઘરથી ખરેખર દૂર છે પણ તમે ઘરમાં રહીને ભારતના સૌથી મોટા ઝૂ તમિલનાડુના અરગનર અન્ના ઝૂલોજિકલ પાર્કની સહેલ કરી શકો છો. તેને વંડાલુર ઝૂના નામથી પણ ઓળખાય છે. પ્રવાસીઓ કેટલાય પ્રાણીઓ જેમ કે ગેંડા, સફેદ વાઘ, રીંછ, દીપડો, મગરમચ્છ અને કેટલાય જીવજંતુને પોતાની સ્ક્રીન પર જોઈ શકાય છે. તેને ક્લિક કરો અને ખુશી મનાવો. એન્જોય કરો.
aazp.in/live-streaming/



ચીકૂ

ચિત્રવાર્તા • વાર્તા






















સારું, હવે તું બધો કચરો ઉઠાવીને કચરાપેટીમાં નાખી દે.
ચોક્કસ હાથી દાદા.


હાથી દાદા ત્યાંથી જતા રહ્યા.
મારે આ કચરાપેટીની પાછળ છુપાઈ જવું જોઈએ, નહીં તો મને બધો કચરો ઉઠાવવાનું કહેવામાં આવશે.


માથા પર કચરા ટોપલી લઈને ચાલતો હોવાથી ચીકૂ સીધો ચાલી શકતો નહોતો
મને તો સમજાતું નથી કે મીકુએ કેવી રીતે કચરો ઉઠાવ્યો હશે. આ ટોપલી તો ખૂબ ભારે છે.


ચીકૂએ પોતાનું સમતોલન ગુમાવ્યું અને કચરાપેટીની પાછળ છુપાયેલી બિલાડી પર બધો કચરો ફેંકી દીધો.
શું તને દેખાતું નથી? તેં બધો કચરો મારી ઉપર નાખી દીધો.


હાથી દાદા ફરી પાછા આવી ગયા.
તેં ફરીથી બધો કચરો ફેલાવી દીધો.


ના, હું તો બસ...
ઓકે. કોઈ વાંધો નહીં, અત્યારે તું આ ઉઠાવ અને કચરા પેટીમાં નાખ.


બાળકો અહીં આવો. મીઠાઈ ખાઓ. તમે બધાએ ખૂબ સારું કામ કર્યું છે.


તે બધાએ મીઠાઈ પૂરી કરી દીધી.
મારા માટે શું બાકી રહ્યું?
તેં કોઈ કામ નથી કર્યું અને મીઠાઈ માંગે છે?


પણ મેં તો...
આ ખાલી ડબ્બો લે અને કચરાપેટીમાં ફેંકી દે. આ વખતે એ વાતનું ધ્યાન રાખજે કે તેં કામ બરાબર કર્યું કે નહીં.


હાય, મારે બધો કચરો ઉઠાવવાનું કામ કરવું પડ્યું.


વિશ્વ જૈવ વિવિધતા દિન

૨૨ મેના રોજ વિશ્વ જૈવ દિન તરીકે ઉજવાય છે. જૈવ વિવિધતા એટલે વૃક્ષછોડ અને પ્રાણીઓના અનેક પ્રકાર છે જે પૂરા વિશ્વમાં જોવા મળે છે. નીચે આપેલા ક્રોસવર્ડના બોક્સમાં યોગ્ય નામ લખીને તેને પૂર્ણ કરો.



જવાબ છેલ્લા પાના પર છે.

ચિત્ર પૂરું કરો



આ ચિત્રમાં કેટલાક ભાગ ખાલી રહી ગયા છે. ચિત્રને જુઓ, તેમને પૂરા કરો અને પછી તેમાં રંગ પૂરો.

તમારા પ્રવાસને યાદગાર બનાવો

મેલિસા ફર્નાન્ડિઝ

ટ્રિપ એટલે કે સહેલ પર જવું રસપ્રદ હોય છે. તમે નવી જગ્યા જોઈ શકો છો. નવી પ્રવૃત્તિઓની શોધ કરી શકો અને ખૂબ મજા કરી શકો છો, પરંતુ શું તમને ખબર છે કે તમે આ અનુભવોને હંમેશાં માટે સલામત રાખી શકતા હતા? ન માત્ર ફોટોગ્રાફ્સ, પરંતુ ટ્રાવેલ જર્નલમાં પણ કેપ્ચર કરી શકતા હતા.

ટ્રાવેલ જર્નલ શું હોય છે?

ટ્રાવેલ જર્નલમાં તમે તમારા તે તમામ પ્રવાસની વાતને જેને તમે કરી છે, લખી શકો છો. શહેરની એક નાનકડી ટૂર સાથે અઠવાડિક સાહસિક કારનામા સુધીની બાબત તમે તમારી સહેલ વિશે નોંધ કરી શકો છો. તમે દરરોજ તમારા અનુભવને રેકોર્ડ કરી શકો છો અને જ્યારે તમે કોઈ વસ્તુ જુઓ છો ત્યારે તમે તેને કેવી રીતે જોઈ અને શું અનુભવ્યું, તે બધી વાત નોંધી શકો છો. જ્યારે પણ તમે તમારા ટ્રાવેલ જર્નલને ખોલશો ત્યારે તમને તમારા અનુભવની જીવંતતા સ્પષ્ટ દેખાશે.

અમે એક ઈલસ્ટ્રેટર એટલે કે ચિત્રકાર નૂરૈન અહમદ સાથે વાતચીત કરી જે વિગત ૧૦ વર્ષથી પોતાની દરેક ટ્રિપને દસ્તાવેજી રૂપ આપતા આવ્યા છે. તેમણે કેટલીક સારામાં સારી ટિપ્સ જણાવી કે કેવી રીતે આપણે એક ટ્રાવેલ જર્નલ બનાવી શકીએ છીએ અને પોતાની યાદોને તેમાં સલામત રાખી શકીએ છીએ.



"મેં ટ્રાવેલ જર્નલ રાખવાનું શરૂ કર્યું, કારણ કે મને દરેક વસ્તુ વિશે લખવું પસંદ હતું જેને હું મારા પ્રવાસ દરમિયાન જોતી હતી. હું મારા જર્નલને વાંચતી તો ખૂબ ખુશી થતી કારણ કે મને મારા પ્રવાસમાં કરેલી વાતો યાદ આવી જતી હતી. તેનાથી મને પ્રવાસ કરવાની વધારે ઈચ્છા જાગે છે."

બ્રૂકલિન લોપેજ, ૭ વર્ષ, દુબઈ

● એક ખાસ બુક બનાવો

તમારી ૩૨-૩૩ પાનાની જર્નલ કેવી રીતે પૂરી કરી શકાય તે વિશે જાણો.

એક ખાસ પ્રવાસ માટે એક ખાસ બુક બનાવો અને તેને શીર્ષક આપો. ઉદાહરણ તરીકે. જો તમે મનાલીનો પ્રવાસ કરી રહ્યા છો તો શીર્ષક 'મનાલીની ડાયરી' હોઈ શકે છે. તારીખ જરૂર લખો જેથી જ્યારે તમે તેને ખોલીને જોવા ઈચ્છો તો યાદ આવી શકે કે ક્યારે તમે પ્રવાસ પર ગયા હતા સૌથી સારું તો એ રહેશે કે પાનાને એક સાથે સ્ટેપલ કરીને તમારી જર્નલ બનાવો. તમે એક નાનકડી ડ્રોઈંગ બુક પણ ઉપયોગમાં લઈ શકો છો કારણ કે તેને તમારી સાથે રાખવું સરળ રહે છે.


● મેપ બનાવવો પણ રસપ્રદ






સૌથી પહેલું કામ જે તમે કરી શકો છો, તે છે તે જગ્યાનું માળખું દોરવું જ્યાં તમે છો. તે ગલી હોઈ શકે છે જેની નજીક તમે રહો છો અને દુકાન કે કોઈ લેન્ડમાર્ક્સ પણ હોઈ શકે છે જે તમારી આસપાસ છે. બરાબર એવું જ માળખું દોરો જેવું કે તમે જુઓ છો. તમે ગલીના નામને પણ લખી શકો છે. સ્ટોર્સ જ્યાં તમે જાઓ છો, જંક્શન ખાણીપીણીની જગ્યા કે રેસ્ટોરન્ટ, તે જગ્યા જ્યાં તમે જવાનું છોડી દીધું છું, કે કોઈપણ વસ્તુ જેને તમે ગલીમાં જોઈ હતી, ચિત્ર બનાવી શકો છો. જો તમે એક પૂરા રાજ્યનો પ્રવાસ કરી રહ્યા છો તો તમે રાજ્યની આઉટલાઈન બનાવી શકો છો અને તમે રાજ્યમાં જે જગ્યા ફરી લીધી છે, તેને અંકિત કરી શકો છો. ટ્રિપના પહેલા દિવસે જ મેપનું ડ્રોઈંગ કરી લેવું જોઈએ કારણ કે તમે પ્રવાસ દરમિયાન આમાં અન્ય વસ્તુને જોડતા આગળ ચાલી શકો છો. તમે તમારા મેપ પર પ્રતીક ચિહ્નોને પણ મૂકી શકો છો જેથી તમે જે જગ્યાને જુઓ છો, તેને યાદ કરી શકો.







● **આ દરરોજ કરો**

ટ્રાવેલ જર્નલિંગનો એટલે કે ટ્રાવેલની રોજનીશી તૈયાર કરવાની એક સૌથી સારી વાત એ છે કે તેને તમે સ્પોટ પર જ કરો જ્યારે તમે ટ્રિપ પર રહો છો, કારણ કે આ જ વાત તેને ખાસ બનાવે છે. દરેક દિવસ એક એન્ટ્રિ કરો જેથી તમારી યાદશક્તિ ફ્રેશ રહે અને તમે જે કંઈપણ કર્યું તેને યાદ રાખવામાં સમર્થ બની શકો. જો એક નોટ તૈયાર કરો છો અને વિચારો છો કે તેને પછી લખી લેશો તો તમે જેવું અનુભવ્યું હતું એવું પછી બધું બરાબર કેપ્ચર કરવામાં સફળ નહીં થાઓ. તેને ત્યારે ખાસ બનાવી શકાય છે કારણ કે તે સમયે તમારી પાસે ૨ યાદ હોય છે, પહેલી તે ક્ષણ જે તમે કોઈ વસ્તુને કેપ્ચર કરો છો અને બીજી યાદશક્તિ જેનું તમે માળખું બનાવો અને લખી રહ્યા છો.

● **તારીખ લખો**

તમે જે કંઈપણ દરરોજ કેપ્ચર કે કેદ કરો છો, તેના એક ખૂણામાં તારીખ લખો કે દરેક એન્ટ્રિ માટે એક શીર્ષક લગાવો જેથી તમારા દરેક દિવસના કામનું એક સંક્ષિપ્ત વિવરણ તમને મળે.

● **પેનનો ઉપયોગ કરો**

તમે તમારા દરેક દિવસના વિવરણને જર્નલમાં ચોક્કસ કરવા માટે એક પેનનો ઉપયોગ કરો. જો તમે એક પેન્સિલનો ઉપયોગ કરશો તો તમે તેને પૂર્ણ કરવામાં અસમર્થ રહેશો કારણ કે તમે તેને એક તરફ ડિલિટ કરતા રહેશો. પેનનો ઉપયોગ કરો અને તમારા જર્નલને પૂર્ણ કરવાનું સુનિશ્ચિત કરો.

● **ચિત્ર ચોંટાડતા રહો**

માત્ર લખવું જ જરૂરી નથી કે ટ્રાવેલ જર્નલમાં માળખું દોરવું જરૂરી નથી. તમે ચિત્ર, જાહેરખબર, ટિકિટ્સ કે અન્ય વસ્તુ જે તમને પ્રાપ્ય હોય કે કોઈપણ એવી હકીકત જે તમારી ટ્રિપના કેટલાક ભાગ વિશે જણાવે, તમે તેને જર્નલમાં ચોંટાડી શકો છો.

"મારા ટ્રાવેલ જર્નલ ફોટા, ડ્રોઈંગ્સ અને ટિકિટથી ભરેલી છે જે દરેક સંગ્રહાલય અને જગ્યા વિશે જણાવે છે જ્યાં હું ફરવા ગયો હતો. મેં જર્નલમાં તે જ્યૂસના લેબલને પણ ચોંટાડ્યું છે જે ખૂબ સ્વાદિષ્ટ હતું અને મેં પીધું હતું અને કદાચ ફરી ક્યારેક પી શકીશ."

નિખિલ સિંહ, ૧૦ વર્ષ, પૂણે

ટ્રાવેલ જર્નલની યાદી જોડો

- તમારી ટ્રિપનું શીર્ષક (આ ફની, વિચિત્ર આકસ્મિક ઘટના, સાહસિક કે સામાન્ય હોઈ શકે છે.
- મેપ (તેમાં પ્રવાસના સ્થળો, ગલીના નામ, મહત્ત્વના સ્થળ/ખાસ, ઉત્તર દિશા, અંતર, મુખ્ય લેન્ડમાર્ક્સ વગેરે અંકિત કરો.)
- લોકો વિશે જેની સાથે તમે પ્રવાસ કર્યો.
- તમે ક્યાં રોકાયા હતા.
- લોકો જેમને તમે મળ્યા હતા અને મહત્ત્વની વાતો જે તેમણે તમને કહી.
- તે જગ્યા જ્યાં તમે ગયા અને યાદગાર ક્ષણ એટલે કે અવિસ્મરણીય ક્ષણો
- તમે શું ખાધું
- તમે કેવી રીતે પ્રવાસ કર્યો (કેબ, કાર, ઓટો, ટ્રેન, ફ્લાઈટ, બસ, રિક્ષા, પગપાળા વગેરે.)
- જાહેર સૂચના આપનાર ખાસ ચિહ્ન (સ્વાગતમ..., ૧૦ કિલોમીટર..., મેટ્રો આગળ છે..., વગેરે.)
- સ્ટિકર્સ, ટિકિટ્સ, સ્ટેમ્પ્સ, રેપર્સ, ખરેલા પાંદડાં, ફૂલ વગેરે.
- વસ્તુ જેને તમે ખરીદી
- તે વાતો કે વસ્તુ જેને તમે તમારા મિત્રો સાથે પાછળથી શેર કરી કે નથી કરી શકતા.

ટ્રાવેલ જર્નલ

અમિશા શાહ

સ્માર્ટ

એક ટ્રાવેલ જર્નલ એટલે કે ટ્રાવેલનું વર્ણન થાય.



તમારે જોઈએ :

સ્કેચપેન, જૂટનું દોરડું, ગુંદર, નાની ડાળી, કાતર, પંચિંગ મશીન, પેપર કટર, એ-૪ સાઈઝના સફેદ, કાળા અને રંગીન પેપર્સ, ડબલ સાઈડવાળી ટેપ.



૧. તમામ સફેદ અને કાળા પેપર કાપો અને અડધા કરી લો. આ તમારી પર નિર્ભર છે કે ટ્રાવેલ જર્નલનો તમે કેટલો ઉપયોગ કરવા ઈચ્છો છો.



૨. તમામ પેપર્સ પર ૫ થી ૬ છેદ ક્ષિતિજ આકાર કે ઉર્ધ્વાકાર (લંબાઈમાં) કરી લો.



૩. પંચ કર્યા પછી કરેલા છેદમાં ડાળીને નાખી દો અને જૂટના દોરડાંથી બાંધી દો. જેવું કે આ ચિત્રમાં બતાવવામાં આવ્યું છે.



૪. છેદમાં દોરડાંને નાખો અને એક છેડા પર ગાંઠ બાંધી લો જેથી ડાળી સલામત થઈ જાય.







૫. તમે તમારા લક્ષ પ્રમાણે કવરને ડિઝાઈન કરી લો, જે રીતે વચ્ચેના દૃશ્ય માટે લહેર, હોળી, શઢ, સૂર્ય, છત્રી, બોલ વગેરે આકારને કાપી લો.

૬. ડબલ સાઈડવાળી ટેપનો ઉપયોગ કરો અને તેમને તમારા કવર ચોંટાડી દો. તમને જેવું પસંદ હોય, એવું જ તમારા આ કવરને સજાવી લો.

હવે તમારી ટ્રાવેલ જર્નલ બનીને તૈયાર છે.





તમારા ટ્રાવેલના વિસ્તૃત વિવરણ સાથે જર્નલ લખવાનું શરૂ કરો. ફોટોગ્રાફ્સ ચોંટાડો અને કેટલાક રંગીન ડૂડલ્સ લગાવીને તેને સજાવો.

તમારા ઘરે આ જાતે જ બનાવવાનો પ્રયાસ કરો. અમને તમારી એન્ટ્રિ
writetochampak@delhipress.in કે એક ફોટો પાડીને +91 9619587613 પર મોકલી



પપ્પાની ગિફ્ટ

વાર્તા • ડો. કે. રાની

રોહન આ વખતે ક્લાસમાં ફર્સ્ટ આવ્યો હતો. તેની મહેનત રંગ લાવી હતી. તેણે આખો દિવસ પપ્પાની રાહ જોઈ. સાંજે પપ્પા ઘરે આવ્યા ત્યારે રોહન બોલ્યો, ''પપ્પા, હું ક્લાસમાં ફર્સ્ટ આવ્યો છું.''

''આ તો સારી વાત છે. રોહન, આ વર્ષે તેં ખૂબ મહેનત કરી હતી. આ ખુશીના અવસરે તારે શું ગિફ્ટ જોઈએ?'' પપ્પાએ પૂછ્યું.

''મને કોઈ ગિફ્ટ નથી જોઈતી પપ્પા. મારે તો આ વખતે લખનૌ શહેર ફરવું છે.'' રોહને કહ્યું.

''સારું, આપણે બધા લખનૌ ફરવા જઈશું.'' પપ્પા ખુશ થઈને બોલ્યા. રોહનની તો જાણે ઈચ્છા પૂરી થઈ ગઈ હતી.

''પપ્પા, ટીચરે અમને લખનૌ વિશે ઘણી વાતો જણાવી છે. હું ત્યાં જઈને જોવા માંગું છું.''

''આ તો સારી વાત છે. તેનાથી તારા સામાન્ય જ્ઞાનમાં વધારો થશે. હું આજે જ ટિકિટ બુક કરાવી દઉં છું.'' પપ્પા બોલ્યા.

રોહનના પગ જમીન પર નહોતા. તેની બધી ઈચ્છાઓ પૂરી થઈ ગઈ હતી. તે બોલ્યો, ''મમ્મી, તમે પણ લખનૌ જવાની તૈયારી કરી લો. પપ્પાએ પ્રોમિસ કર્યું છે આ વર્ષે ઉનાળાની રજામાં આપણે લખનૌ ફરવા જઈશું.''

''હું કેટલાય સમયથી ત્યાં જવાનું વિચારી રહી હતી, પણ ક્યારેય તક ન મળી. હવે આ બહાને પરિવાર સાથે મુલાકાત થઈ જશે.'' તે બોલી.

રોહનના કાકા લખનૌમાં નોકરી કરતા હતા. રોહન અને તેના પેરન્ટ્સ વારાણસીમાં રહેતા હતા. સમયના અભાવ અને કામમાં બિઝી રહેવાથી પપ્પા તેમને મળવા નથી જઈ શકતા અને ન તો તે આવી શકે છે. મમ્મી ખુશ હતી કે રોહનની ઈચ્છા હોવાથી બધાને મળવાની તક મળશે અને લખનૌ પણ ફરવા મળશે. રોહન તે જ દિવસથી જવાની તૈયારી કરવા લાગ્યો.

લખનૌમાં તેના કાકાનો દીકરો રાહુલ તેનો સમવયસ્ક હતો. તેની સાથે ફોન પર વાતચીત થતી હતી. તેણે જ્યારે રોહનના લખનૌ આવવાનું સાંભળ્યું ત્યારે તેની ખુશીનો પાર ન રહ્યો. તે પણ તેની સાથે લખનૌ ફરવાની યોજના બનાવવા લાગ્યો.

૨ અઠવાડિયા પછી રોહન મમ્મીપપ્પા સાથે લખનૌ પહોંચી ગયો. રાહુલ તેને જોઈને ખુશ થયો. બીજા દિવસે તેણે રાહુલને તે તમામ જગ્યાની જાણકારી આપી, જેના માટે લખનૌ આવ્યો છે.


તેમણે એક-એક કરીને ત્યાં જવાની યોજના બનાવી લીધી. પહેલા દિવસે તે બધા લખનૌ શહેર ફરવા ગયા. બીજા દિવસે રોહને સૌપ્રથમ મોટા ઈમામવાડા જોવાની ઈચ્છા જણાવી.

''મેં પણ આ જગ્યા વિશે ઘણું સાંભળ્યું છે, પણ આજ સુધી ત્યાં જવાનો સમય નથી મળ્યો. બધાની સાથે હું પણ ફરી લઈશ.'' કાકા બોલ્યા.

બીજા દિવસે વહેલી સવારે તે મોટા ઈમામવાડા પહોંચી ગયા. દૂરથી જ મોટી ઈમારત જોઈને રોહન ખૂબ ખુશ થયો.

''ફોટામાં અને ઈમારતને પ્રત્યક્ષ જોવામાં ઘણો ફરક છે. આ તો ખૂબ સુંદર છે.'' કાકા બોલ્યા.

''પહેલા એક ગાઈડની વ્યવસ્થા કરી લઈએ.



આપણે ભુલભુલામણી પણ જોવાની છે.''

કાકાએ તરત જ એક ગાઈડને સાથે લઈ લીધો. ગાઈડે તેના અંદાજમાં બોલવાનું શરૂ કર્યું.

''તમે જે મોટી ઈમારત જોઈ રહ્યા છો ને, તે નવાબ આસફુદ્દૌલાએ બનાવડાવી હતી.''

''તેમના મનમાં આ ઈમારત બનાવવાનો વિચાર કેવી રીતે આવ્યો અંકલ?'' રોહને પૂછ્યું.

''આ ઈમારત બનાવવાનો કિસ્સો રસપ્રદ છે. નવાબ આસફઉદ્દૌલાના શાસનકાળમાં એક વાર અવધમાં દુકાળ પડ્યો હતો અને એવું લગભગ ૫ વર્ષ સુધી ચાલ્યું. અવધની પ્રજા પરેશાન થઈ ગઈ અને ભૂખના લીધે મરવા લાગી. રાજાએ વિચાર્યું, 'કેમ ન તેમને કામના બદલે અનાજ આપવામાં આવે.' એ જ વિચારથી તેમને આ ઈમામવાડો બનાવવાની પ્રેરણા મળી. અવધવાસી આખો દિવસ તેને બનાવવાનું કામ કરતા અને નવાબ તેના બદલામાં તેમને અનાજ આપતા.''

''કેટલા સારા હશે નવાબ આસફઉદ્દૌલા.'' રોહન બોલ્યો.

''તું ઠીક કહે છે. તે ખૂબ પ્રામાણિક અને દયાળુ નવાબ



હતા. તેમના માટે લોકો કહેતા હતા કે જેને કોઈ ન આપે. તેને આસફઉદ્દૌલા આપે.'' અલીએ કહ્યું.

ગાઈડ તેમને પહેલાં બહારની બાજુ લઈ ગયો અને બોલ્યો, ''નવાબે આ મોટા ઈમામવાડાને બનાવડાવતા પહેલાં પંચશિલા અને શાહી વાવનું નિર્માણ કરાવડાવ્યું.''

''આ શાહી વાવ શું હોય છે?''

''આ જે તું સામે જોઈ રહ્યો છે. પાણી એકત્ર કરવા માટે બનાવેલા એક કૂવાની રચના છે. તેથી મોટો ઈમામવાડો બનાવવા માટે પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેનો ગોમતી નદી સાથે સીધો સંબંધ છે.''

''ગોમતી નદી તો અહીંથી ખૂબ દૂર છે. કહેવાય છે ગોમતી નદીનું જળસ્તર અને તેનું સ્તર એકસમાન રહે છે. જ્યારે ગોમતી નદીનું જળસ્તર વધે છે ત્યારે વાવમાં પાણીનું સ્તર વધી જાય છે અને જ્યારે ઘટે છે ત્યારે વાવમાં પાણી ઓછું થઈ જાય છે.'' અલીએ જણાવ્યું.

''ક્યારેક ગોમતી નદીમાં પૂર આવી જાય ત્યારે?'' રોહને પૂછ્યું.

''વાવના પાણીનું સ્તર પણ ઉપર સુધી આવી જશે અને તેના કેટલાક માળ પાણીમાં ડૂબી જશે.'' અલી બોલ્યો.

ત્યાર પછી તે સૌથી મોટા ઈમામવાડાની વચ્ચે આવી ગયા. મોટા ગુંબજવાળા હોલને જોઈને રોહન ચકિત થઈ ગયો હતો. તે આમતેમ નજર ફેરવીને બોલ્યો, ''આટલા મોટા હોલમાં કોઈ સ્તંભ જ નથી, આટલી મોટી છત આધાર વિના કેવી રીતે ટકી છે. અમારી સ્કૂલના હોલમાં અનેક સ્તંભ છે.''

''તેં ઘણા સારા પ્રશ્ન પૂછ્યા. આ

ઈમારતની કલ્પના અને કારીગરી કમાલની છે. ઈરાની નિર્માણ શૈલીની ગુંબજ રચના જોવાલાયક છે. આ હોલ ૫૦ મીટર લાંબો અને ૧૫ મીટર ઊંચો છે.'' અલીએ જણાવ્યું.



''સાચે જ તે સમયે સાયન્સ કેટલી પ્રગતિ કરી રહ્યું હશે.''

''આટલી મોટી ઈમારત બનાવવા માટે નવાબે કેટલાય નિષ્ણાતોની સલાહ લીધી હશે. તેથી હજારો વર્ષોથી આ ઈમારત તેની જગ્યા પર સારી સ્થિતિમાં ઊભી છે.'' રોહને કહ્યું.

ગાઈડ બોલ્યો, ''આ ઈમામવાડામાં વિશ્વ પ્રસિદ્ધ ભુલભુલામણી પણ છે.''

''અંકલ, નવાબે તેની રચના કેમ કરાવી હતી?'' રોહને પૂછ્યું.

''આ ઈમામવાડામાં અસામાજિક તત્ત્વોના પ્રવેશને અટકાવવા ભુલભુલામણી બનાવડાવી હતી. ઈમામવાડામાં ભુલભુલામણીના માધ્યમથી અસંખ્ય રસ્તા બનાવ્યા હતા.''

''અસંખ્ય રસ્તા? અનેક રસ્તામાંથી સાચા રસ્તાની કેવી રીતે ખબર પડતી?''

''માત્ર નવાબ જ સાચા રસ્તા વિશે જાણતા હતા. તે ક્યારેક મુસીબતમાં ફસાઈ જાય ત્યારે તે આ રસ્તાના માધ્યમથી કુશળ રીતે બહાર નીકળી શકતા હતા. કહેવાય છે ઈમામવાડાથી પ્રદેશના કેટલાય શહેર સુધી અનેક સુરંગ જાય છે.''

''અહીં સુરંગનો શું ઉપયોગ રહ્યો હશે?''

''સુરંગ અહીંથી બહાર જવાના ગુપ્ત રસ્તા હતા. મુસીબતના સમયે તેની મદદથી બહાર નીકળી શકાતું હતું.'' ગાઈડ બોલ્યો. ત્યાર પછી તે ફરતાં ફરતાં બીજા છેડે આવી ગયા.

''નવાબે નમાજ વાંચવા ઈમામવાડામાં એક મસ્જિદ બનાવડાવી હતી. મસ્જિદના આંગણામાં બે ઊંચા મિનારા છે, જે ખૂબ દૂરથી દેખાય છે.''

''અંકલ તેનું કયા દાયકામાં નિર્માણ કરવામાં આવ્યું હતું?''

''નવાબ આસફઉદ્દૌલાએ મોટા ઈમામવાડાને વર્ષ ૧૭૮૬ થી બનાવવાનું શરૂ કર્યું હતું અને તે વર્ષ ૧૭૯૮ સુધી ચાલુ રહ્યું. આટલી મોટી ઈમારત બનાવવામાં તે જમાનામાં પણ ૬ થી ૧૦ લાખ રૂપિયા સુધીનો ખર્ચ થયો હતો.''

થોડી વાર પછી ગાઈડ તેમને લઈને ઈમામવાડાની સામેના ભાગમાં પહોંચી ગયો. રોહનને સામે ઊભો રાખીને તેને પૂછ્યું, ''સામે શું દેખાઈ રહ્યું છે?''

''અહીંથી તો મુખ્ય દ્વારથી પ્રવેશ કરતી દરેક વ્યક્તિ દેખાઈ રહી છે.'' રોહન બોલ્યો.

''હા, તું સાચું કહે છે. આ બારીનું નિર્માણ મુખ્ય દ્વારથી પ્રવેશ કરતી દરેક વ્યક્તિ પર નજર રાખવા માટે કરવામાં આવ્યું હતું. જે આ ઈમારતની એક બીજી ખાસિયત છે.''


ABHILASHA KHATRI

'રોહન વિચારી રહ્યો હતો હજી ખબર નહીં આ ઈમામવાડામાં કંઈ કંઈ નવી વસ્તુ વિશે જાણવા મળશે?' ગાઈડ બોલ્યો.

''ઈમામવાડાની મોટાભાગની જાણકારી મેં તમને જણાવી દીધી છે. ચાલો, છત પર જઈએ.'' કહીને ગાઈડ બધાને લઈને છત પર આવી ગયો. ઉપરથી લખનૌ શહેરનો નજારો ખૂબ સુંદર દેખાઈ રહ્યો હતો. ખુશીના માર્યા રાહુલ બોલ્યો.

રોહન બહુ આશ્ચર્યથી મુખ્ય દ્વારથી પ્રવેશ કરતા લોકોને જોતો રહ્યો. ગાઈડ તે બધાને ઈમામવાડાની દરેક જગ્યાથી પરિચિત કરાવી રહ્યો હતો.

હવે તે તેમને લઈને એક ગલીમાં ઊભો હતો. તેમને ત્યાં ઊભા રાખીને તે થોડે દૂર ગયો. તેણે ખિસ્સામાંથી માચીસ કાઢીને દિવાસળી સળગાવી અને પૂછ્યું, ''તમને કંઈ સંભળાયું?''

''એવું લાગ્યું કે કોઈએ માચીસની દિવાસળી સળગાવી.'' રોહન બોલ્યો.

''આ જગ્યાને જોઈને જ તે કહેવત પડી છે કે દીવાલને પણ કાન હોય છે.''

''તમે સાચું કહી રહ્યા છો?''

''હા, આ ગલીને એ રીતે બનાવી છે કે ધ્વનિના માધ્યમથી હજારો ફૂટ દૂરના અવાજ સ્પષ્ટ સંભળાય છે. આ તેની સ્થાપનાનો એક વિશેષ ગુણ છે.''

''અહીંથી તો પૂરું લખનૌ દેખાઈ રહ્યું છે.'' રાહુલે કહ્યું.

''આ જગ્યા તો ખૂબ સુંદર છે.'' રોહને કહ્યું. બધા શહેરનો નજારો જોઈને ખુશ થાય છે. ત્યાર પછી તે નીચે ઊતરી ગયા. અંકલે ગાઈડને તેની ફી આપીને વિદાય કર્યો.

''ફરીથી મળીશું અંકલ. તમે અમને ઘણી માહિતી આપી છે.'' રોહન બોલ્યો.

ઈમામવાડામાંથી બહાર આવીને તે બાજુના બગીચામાં ગયા. બગીચો લીલોછમ હતો. બગીચામાં ફરીને તેમણે ઈમામવાડાની નજીકની દુકાનમાંથી ખરીદી કરી અને પછી ઘરે આવી ગયા. અંકલે રોહનને પૂછ્યું, ''આજનો દિવસ કેવો રહ્યો?''

''સારો અંકલ. કાલનો દિવસ પણ સારો રહેશે.'' રોહન બોલ્યો તો બધા હસવા લાગ્યા, રોહને એક વાર ફરીથી પપ્પાનો આભાર માન્યો, તેમની ગિફ્ટથી તે લખનૌમાં સુંદર જગ્યાથી પરિચિત થયો હતો. ●

પર્યાયવાચી શબ્દ

નીચે આપેલા દરેક શબ્દના પર્યાયવાચી શબ્દ છે. શું તમે શબ્દોનું ચોક્કસ અનુમાન લગાવીને ખાલી જગ્યાને પૂરી કરી શકો છો?





૧. મોટું	:	લાંબું
૨. શીખવું	:	સ-જ-
૩. કહાણી	:	-ર્તા
૪. સાચું	:	યો-ય
૫. શરૂ	:	આ-ભ
૬. ચોર	:	લૂ-રો
૭. પૃથ્વી	:	-રતી
૮. મૂલ્ય	:	કિં-ત
૯. ઝડપ	:	જ-દી
૧૦. હોબાળો	:	ચી-ચી-










જવાબ છેલ્લા પાના પર છે.

રસ્તો શોધો

પીકુ ચકલીને પોતાના માળા સુધી જવું છે.
તેની મદદ કરો.



જવાબ છેલ્લા પાના પર છે.

અંતર જણાવો

અહીં ૧૦ ભુલ છે. તમે તે ભુલોને શોધી બતાવો.







આપણી અને તેમની પાણીની જરૂર

જીવિત રહેવા માટે માણસે પાણીની જરૂર પડે છે. આપણે પાણી વિના એક લાંબા સમય માટે જીવિત નથી રહી શકતા. જ્યારે આપણી વિપરીત કાંગારુ ઉંદર પાણી વિના વર્ષો સુધી રહી શકે છે. લગભગ આજીવન.

કાંગારુ ઉંદર ઉત્તરી અમેરિકાના રણમાં જોવા મળે છે. તે ૮ થી ૧૪ સેન્ટિમીટર લાંબા હોય છે. માથું મોટુ, આગળના પગ નાના અને પાછળના પગ લાંબા હોય છે. તેમની પૂંછડી તેમના શરીરની લંબાઈ જેટલી હોય છે. તે ભોજનની શોધ ત્યારે કરે છે જ્યારે ઉષ્ણતામાન ઘટી જાય છે. જેવું કે સાંજના સમયે કે રાત્રે થાય છે.

અન્ય ઉંદરની પ્રજાતિઓની સરખામણીમાં કાંગારુની કિડની મોટી હોય છે. જે લોહીમાંથી અપશિષ્ટ એટલે કે નકામી વસ્તુને બહાર કાઢવા અને તેને યૂરિનમાં લઈ જવામાં મદદ કરે છે. કાંગારુ ઉંદરોની બાબતમાં કિડની નકામી વસ્તુથી વધારે પાણીને કાઢે છે અને પાછું શરીરમાં મોકલે છે

તે પોતાની ચારે બાજુ ઊગતા, બીજ, પાંદડાં અને અન્ય શાકભાજીને ખાય છે. પાણી જે આ શરીર માટે જરૂરી હોય છે, તેને એ ખોરાકમાં લીધેલા ભોજનમાંથી મેળવી લે છે.

કાંગારુ ઉંદરના ગાલમાં એક થેલી હોય છે જેમાં ખોરાક જમા થાય છે.



દાદાજી અને આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ

ચિત્રવાર્તા • વિવેક ચક્રવર્તી



સૌથી જૂનું સંગ્રહાલય ઈરાકનું એન્નીગાલ્ડી નેન્ના છે. જે ઈ.સ. ૫૩૦ વર્ષ પૂર્વે બન્યું હોવાનું કહેવાય છે અને તેને મેસોપોટેમિયાના ઐતિહાસિક વારસા રૂપે સંરક્ષિત કરવામાં આવ્યું છે.

ઓહ, આટલું જૂનું છે?

હા, પ્રાચીન સમયથી જ લોકો વસ્તુઓને જમા કરવાની રુચિ ધરાવતા હતા અને ઐતિહાસિક વસ્તુઓનો સંગ્રહ કરતા હતા.

દાદાજી, શું બધા સંગ્રહાલય એક જેવા જ હોય છે?


ના, અનેક પ્રકારના સંગ્રહાલય હોય છે. કેટલાકમાં મમીને રાખવામાં આવ્યા છે, જેમ કે મિસરમાં જોવા મળ્યા. અન્ય સંગ્રહાલય પણ છે, જેમ કે, ટપાલ, ટિકિટ, કલાકૃતિ, ટ્રેન વગેરે.
સંગ્રહાલય હકીકતમાં આપણા માટે ખૂબ મહત્ત્વના છે. આપણે એક જગ્યાએ અનેક વસ્તુ જોઈ શકીએ છીએ.


હા, તે આપણને આપણી સંસ્કૃતિ અને ઈતિહાસ સાથે જોડે છે. આપણે તે ભૂલોમાંથી સબક શીખવાનો છે જે આપણે પહેલાં કરી હતી, જેથી આપણે ફરીથી ભૂલ ન કરીએ.


તેથી આ વાતને મહત્ત્વ આપવા ૧૮ મે ના રોજ આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ ઊજવવામાં આવે છે. આ દિવસ લોકોને પ્રેરિત કરે છે કે તેઓ સંગ્રહાલય જોવા અચૂક જાય અને તેમને એ પણ યાદ અપાવે છે કે સંગ્રહાલય આપણા પ્રાચીન અને સમૃદ્ધ વારસાને સંરક્ષિત કરવામાં એક મહત્ત્વની ભૂમિકા ભજવે છે.
SONAL
રિયા અને રાહુલે સહમતીમાં પોતાનું માથું હલાવી દીધું.

નાની મારી લેખણ



સર્વિન. વી, ૭ વર્ષ, ચેન્નઈ

પતંગિયાની આત્મકથા

હું લાલ રંગનું સુંદર પતંગિયું છું. મારી આગળની પાંખ કાળી છે જેની પર સફેદ ધબ્બા છે. મારો પરિવાર મોટો છે. હું સૌથી નાનું છું. મારા પેરન્ટ્સે મને મારા ક્ષેત્રનું રક્ષણ કરવા સલામત રહેવા શીખવ્યું છે. એક દિવસે જ્યારે હું મારા બટરકપ ફિલ્ડમાં રમી રહી હતી ત્યારે મેં ૨ લાલ પતંગિયાની વાતચીત સાંભળી. એકે કહ્યું, ''આ બટરકપ ફિલ્ડ ખૂબ જ સુંદર છે.'' બીજાએ કહ્યું, ''કેમ ન આપણે આમને સાથે લઈ જઈએ.'' તે સાંભળ્યા પછી હું મારા માતાપિતા પાસે પહોંચ્યું અને તેમને પૂરી વાત જણાવી. મારા પરિવારે તે પતંગિયા સામે લડવાનો નિર્ણય કર્યો. અમે બટરકપ ફિલ્ડ તરફ વધ્યા અને તે દુષ્ટ પતંગિયાને પોતાની તરફ આવતા જોયા. અમે પૂરી તાકાતથી તેમની સામે લડ્યા અને તેમને ઘર સુધી ખદેડી મૂક્યા. અમે અમારી જીત પર જલસો ઉજવ્યો અને મને 'આજનો હીરો' કહેવામાં આવ્યો. મારા ભાઈએ મને ઉપર ઉઠાવી લીધો અને બધાએ મારી પ્રશંસા કરી અને ખુશી ઊજવી. અમે જીતની ખુશીમાં એક મોટી પાર્ટી રાખી અને વિશાળ બેનર લગાવ્યું જેની પર 'ફિલ્ડને બચાવનાર'. મને ખૂબ ખુશી થઈ હતી અને મેં બધાને પ્રોમિસ આપ્યું કે હંમેશાં બહાદુરીનું કામ કરીશ. અમે પાર્ટી ખૂબ એન્જોય કરી.

આર. સહાના, ૧૦ વર્ષ, ચેન્નઈ

સ્કૂલ એક પરિવર્તન સ્થળ છે

લાંબી રજાઓ પછી સમય આવી ગયો અભ્યાસનો, સ્પેલિંગ અને ડિક્ટેશનનો. આપણે કેટલીય સવાર મોડા ઊઠવા, આઈસક્રીમ અને મીઠાઈ ખાવામાં પસાર કરી દીધી. હવે પેરન્ટ્સ ટીચર્સ મીટિંગમાં સ્કૂલે જઈ રહ્યા છે, પરંતુ કેન્ડી અને ચ્યૂઈંગમની જગ્યાએ અમે પેન્સિલ, ઈરેજરને જોવાનું સ્વીકાર્યું છે. અમે અમારા મિત્રો, ટીચર્સ અને કેટલાય પુસ્તકોને ખૂબ મિસ કર્યા હતા, જેમણે અમને ખૂબ પ્રેમ કર્યો. હવે ખુશીભર્યું વાતાવરણ પાછું આવી ગયું છે. ઉમંગથી ભરેલી સ્કૂલ, મજા અને બધાના પ્રેમભરી સ્કૂલ, જુદાજુદા પરિવર્તન ભરી સ્કૂલ. તેથી આપણા બધા માટે સ્કૂલ એક પરિવર્તન છે. નવી જવાબદારીઓ લેવા, શીખવાની. આ એક નવુ વર્ષ છે આપણા બધા માટે, પરંતુ ચિંતા ન કરો, હજી બીજી કેટલીય રજાઓ આવવાની છે. તેની રાહ ન જુઓ, હમણાં માત્ર મજા કરો.

અનુશા શુક્લા, ૧૦ વર્ષ
જબલપુર



નૈના સુખિયાની, ૭ વર્ષ
થાણે




સૌરિશ સાધૂખાન, ૮ વર્ષ
કોલકાતા

બીજી મા

જોકે તમે તમારી માના ખોળામાં ઉછરો-મોટા થાઓ છો જ્યારે તમે જન્મો છો, પૃથ્વી પર ડગ માંડો છો, ખુશીથી તે તમને ઉઠાડે છે, અને જ્યારે તમે પીડામાં હોવ છો ત્યારે તે તમારી મદદ કરે છે, પરંતુ એક બીજી મા પણ છે જે તમને મદદ કરે છે. કોણ છે તે? જ્યારે એક વ્યક્તિ મૃત પથારી પર પડી હોય ત્યારે તે તેના હાથને પકડી અને તેનો ઉત્સાહ વધારે છે. તે તમને હંમેશાં ફિલ ગુડ કરાવે છે. કોણ છે તે ? જ્યારે એક બાળક ભૂખથી પરેશાન હોય છે, ત્યારે તે માને દુખ થાય છે અને તે બધું જ કરે છે જે તેના વશમાં હોય છે. હવે જ્યારે કેટલાય લોકો કોવિડ ૧૯થી પીડિત છે, ત્યારે તે મદદ કરી રહી છે અને પોતાના પરિવારથી દૂર રહીને ફરજ અદા કરે છે. તે પોતાની ફરજ સાવચેતીથી કરી રહી છે. કોણ છે તે? તે એક ડોક્ટર છે.

અવિનિશ સાઈ કલ્યાણ, ૧૧ વર્ષ, હોસૂર



સ્પૂર્તિ શંકર, ૧૧ વર્ષ
બેંગલુરુ


પિઝા શોપ

ત્રિકોણ છે ચીઝ, સર્કલ છે એક પિઝા. સ્કવેર છે એક પ્લેટ, રેક્ટેંગલ છે એક બેન્ચ. આ તમામ મળી જાય એક સાથે તો બનાવીશું પિઝા શોપ.

વી. શ્રીનિધિ અધિધાન, ૭ વર્ષ
તમિલનાડુ



થીર્થ સુદીપ, ૭ વર્ષ
બેંગલુરુ



આ વેલેન્ટાઈન ડે ગ્રીટિંગ છે. તેને અમારા ૬ વર્ષના વાચક અનય શ્રીકૃષ્ણ ભોયારે વાશિમથી મોકલ્યું છે.

તમારા જોડકાં, જોક્સ, ચિત્ર કે વાર્તા તમારાં નામ, ઉંમર, સરનામાં અને ફોન નં. સાથે લખો :

 ચંપક, દિલ્લી પ્રેસ, એ-૪, શ્રીરામ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧

 writetochampak@delhipress.in 9619587613


 www.facebook.com/ChampakMagazine

 http://www.youtube.com/ChampakSciQ

અમે તમારી સામગ્રી પાછી નથી આપી શકતા તેથી અમને મોકલેલી સામગ્રીની કોપી તમારી પાસે રાખો.

યાદશક્તિ વધારો

ચિત્ર જુઓ અને નિમ્ન પ્રશ્નોના ઉત્તર આપો.



સુંદર શિલ્પ ઉપકરણ

વાર્તા • મલ્લિકા સુકુમાર

નારાયણ ૧૦ વર્ષનો હતો. આઉટડોર અને ઈનડોર બંને પ્રકારની રમત તેને ખૂબ ગમતી હતી. તે એક બિલ્ડિંગમાં રહેતો હતો. તમામ ઉંમરના તેના અનેક મિત્ર હતા. તેને ક્રિકેટ, ફૂટબોલ અને ગિલ્લી ડંડો રમવાનું પસંદ હતું. ગિલ્લી ડંડો એક નાની લાકડી અને લાંબી લાંકડીની સ્ટિકથી રમાતી રમત છે. જ્યારે ખૂબ વધારે ગરમી પડતી ત્યારે બાળકો શતરંજ, ટેબલટેનિસ, કેરમબોર્ડ અને 'સ્ટેચ્યૂ' ગેમ રમતાં હતાં.

એક દિવસે તેની બિલ્ડિંગમાં રહેતા મિત્રો શારદા, રમેશ, શ્રીપતિ, લલિતા, સદાશિવ અને સંજીવી તેને મળવા તેના ઘરે આવ્યા. શારદાએ કહ્યું, ''નારાયણ, ચાલો 'સ્ટેચ્યૂ' ગેમ રમીએ.''

''ઓકે.'' નારાયણે કહ્યું, ''આપણે વારાફરતી રમીશું. નારાયણે શરૂઆત કરવાની હતી.''

રમત શરૂ થઈ. બધા ચારેય બાજુ પોતાની ઈચ્છા મુજબ ટહેલવા લાગ્યા, અને સ્ટેચ્યૂ શબ્દ સાંભળવાનો ઈંતેજાર કરવા લાગ્યા. નારાયણે ત્યારે કહ્યું, ''સ્ટેચ્યૂ.'' તેની સાથે બધા જે પણ સ્થિતિમાં હતા, તે જ જગ્યાએ સ્થિર થઈ ગયા. તેમણે એ જ અવસ્થામાં સ્થિર રહેવાનું હતું, જ્યાં સુધી નારાયણ ઓવર ન કહેતો. જો કોઈ હલ્યું તો તેને રમતમાંથી બહાર કરી દેવામાં આવતો.

નારાયણને તેમની આ સ્ટેચ્યૂવાળી અવસ્થા જોક્સ





સંભળાવીને કે મોં બગાડીને તોડવાની હતી જેથી બીજા હસી પડે અને સ્થિર અવસ્થાને તે તોડી નાખે. બધા મિત્રો એક ખાસ પ્રકારની અલગઅલગ અવસ્થામાં સ્થિર હતા. શારદા પોતાના હાથ આકાશ તરફ ઈશારો કરતા ઊભી હતી, રમેશ પોતાનો એક હાથ ખિસ્સામાં નાખીને હસી રહ્યો હતો. શ્રીપતિ એવો દેખાઈ રહ્યો હતો જાણે એક્સર્સાઈઝ કરતો હોય. લલિતા પોતાનું મોં ખોલીને ઊભી હતી જાણે તે ગીત ગાઈ રહી હોય. સદાશિવના હાથમાં એક વસ્તુ હતી જે તેણે સામે ટેબલ પરથી ઉઠાવીને લીધી હતી. સંજીવીએ પ્રણામની મુદ્રામાં પોતાના હાથ જોડી રાખ્યા હતા.

નારાયણે એક જોક્સ સંભળાવ્યો અને સૌથી પહેલા હસનારી શારદા હતી. તે ખડખડાટ હસી પડી અને રમતમાંથી બહાર થઈ ગઈ. તે પછી નારાયણે અવનવા હાવભાવ વ્યક્ત કરતા રસપ્રદ ચહેરા બનાવ્યા. જેથી અન્ય મિત્રોનું ધ્યાન ભંગ થાય. પરંતુ તે સ્થિર જ ઊભા રહ્યા. તે પછી લલિતાએ હાર માની લીધી, કારણ કે હવે વધારે સમય સુધી મોં ખુલ્લું રાખવું તેના માટે મુશ્કેલ થઈ રહ્યું હતું. તે પછી નારાયણે કંઈક અલગ પ્રકારનો બ્રેક ડાન્સ શરૂ કર્યો અને સંજીવી તે જોઈને હસવા લાગી. તેને પણ રમતમાંથી બહાર કરી દેવામાં આવી. હવે રમેશ, શ્રીપતિ અને સદાશિવ બચી રહ્યા હતા.

શ્રીપતિ ઈચ્છતો હતો કે તે રમેશની જેમ ઊભો રહે. હવે નારાયણે કેટલીક એક્સર્સાઈઝ કરવાનું શરૂ કરી દીધું અને શ્રીપતિને જાણીજોઈને પૂછવાનું ચાલુ રાખ્યું કે તે બરાબર કરી રહ્યો છે કે નહીં. શ્રીપતિ યોગા માટે ખૂબ જ ઉત્સાહી રહ્યો, પરંતુ આ સમયે તે એ યાદ રાખીને ઊભો હતો કે તે એક સ્ટેચ્યૂ છે એટલે થોડા સમય સુધી શાંત રહે. નારાયણે જેવો એક ખોટો યોગા કર્યો, તો શ્રીપતિ ભૂલી ગયો કે તે એક રમત રમી રહ્યો હતો.

તે અચાનક બોલી પડ્યો, ''જો, આ યોગા એમ ન થાય. તારે આ રીતે કરવું જોઈએ.'' તે જેવો બોલ્યો, બધાએ ચીસ પાડી, ''આઉટ.'' શ્રીપતિએ માની લીધું કે તે નારાયણની ચાલમાં ફસાઈ ગયો. સદાશિવ હવે ચોરસ વસ્તુને હાથમાં પકડીને થાકી ગયો હતો અને તેને ચિંતા થતી હતી કે હવે તે વસ્તુને પાડી દેશે. તેથી આ રમતમાંથી બહાર નીકળી જવાનું પસંદ કર્યું. આ રીતે સ્ટેચ્યૂ રમતનો વિજેતા રમેશ બન્યો, તેની મુદ્રા સ્માઈલવાળી હતી અને ખિસ્સામાં એક હાથ નાખીને ઊભો હતો.

તે બધા થાક્યા હતા અને તે રૂમમાં પડેલા સોફા અને ખુરશી પર બેસી ગયા. નારાયણની મમ્મી ભાગિરથીએ થોડોક સ્નેક્સ લાવીને ટેબલ પર મૂકી દીધો. તે એક

ખૂબ સારી શેફ હતી અને સ્વાદિષ્ટ મીઠાઈ બનાવતી હતી. તેણે ગુલાબજાંબુ બનાવ્યા હતા અને તે બધા ભૂખ્યા હોવાથી તરત ગુલાબજાંબુ ચટ કરી ગયા. ''વાઉ, આંટી આ તો ખૂબ સ્વાદિષ્ટ અને સોફ્ટ છે. મેં કેટલાય દિવસથી ગુલાબજાંબુ ખાધા નહોતા. તમને ગુલાબજાંબુ બનાવવા માટે ખૂબ ખૂબ ધન્યવાદ આપ્યા.'' શારદાએ કહ્યું. ભાગીરથિ હસી. તે પછી તેણે સદાશિવ સામે જોયું, ''શું વાત છે? તું વિચારોમાં ખોવાયેલો લાગે છે.''

સદાશિવે આંટી સામે જોયું અને ચોરસ વસ્તુ જે તેણે પાછી ટેબલ પર મૂકી દીધી હતી, તરફ ઈશારો કરતા બોલ્યો, ''આંટી, આ તમે ક્યાંથી લાવ્યા છો? મારા માટે આ ખૂબ ખાસ અને સુંદર છે. મારા મતે આ અહીં નથી જોવા મળતું.''

ભાગીરથિએ કહ્યું, ''ના, હવે તું આ નહીં મેળવી શકે. આ એક શિલ્પ ઉપકરણ છે. આ એક ઐતિહાસિક મહત્ત્વ ધરાવતો સજાવટી ટુકડો છે.'' આ સાંભળીને અન્ય બાળકોને પણ તેમાં રસ પડ્યો. તે ઉત્સુકતા સાથે ટેબલ પર પડેલા શિલ્પ ઉપકરણને જોવા લાગ્યા. જે તેમને ખૂબ જ આકર્ષક લાગી રહ્યું હતું. જાણે કે તે રાજા અને રાણીના સમયમાં જતા રહ્યા ન હોય અને વસ્તુને જોઈ રહ્યા હોય.

લલિતાએ કહ્યું, ''શું તમે આ વિશે વધારે કંઈ જણાવશો, પ્લીઝ.''

ભાગિરથીએ કહેવાનું ચાલુ કર્યું, આ બ્રોન્ઝ એટલે કે કાંસ્ય ધાતુનો બનેલો છે જેની ડિઝાઈન ઉત્કૃષ્ટ છે અને તેની પર કન્નડમાં અભિલેખ લખ્યો છે. આ મારાં પપ્પામમ્મી પાસે હતાં. તે પહેલાં તેમનાં મમ્મીપપ્પા અને તે પહેલાં તેમનાં મમ્મીપપ્પા સાથે જોડાયેલો રહ્યો છે. આ અમારા એક પૂર્વજ સાથે જોડાયેલો લાગે છે જે દક્ષિણ ભારતના સામ્રાજ્ય વિજયનગરના મહારાજ કૃષ્ણ દેવરાયની સેનામાં કામ કરતા હતા. આ શિલ્પ ઉપકરણ તેમને તેમની સૈન્ય સેવાના ઈનામ રૂપે આપવામાં આવ્યું હતું.''

સદાશિવ એ સાંભળીને પ્રભાવિત હતો. તેણે કહ્યું, ''વાઉ આંટી, આ તો ખૂબ જ મહત્ત્વનો છે. એટલે જ તો આ ખૂબ કિંમતી વસ્તુ છે. મને ઈતિહાસ વાંચવો ખૂબ ગમે છે અને પ્રાચીનકાળની વસ્તુઓ વિશે જાણવું ગમે છે.''

શારદાએ કહ્યું, ''હા, મને પણ તેમના વિશે વાંચવું ગમે છે. થોડાક દિવસ પહેલાં મારા મમ્મીપપ્પા મને એક સંગ્રહાલય લઈ ગયા હતા.'' સદાશિવ તરફ વળીને તેણે કહ્યું, ''તારે પણ સંગ્રહાલય ફરવા જવું જોઈએ. તને ત્યાં અનેક મહત્ત્વની વસ્તુઓ જોવા મળશે.''

ભાગીરથિએ કહ્યું, ''હા, સંગ્રહાલય ખૂબ જ મહત્ત્વનું છે. આપણી પહેલાંના લોકોની યાદો અને ખજાનાની સુરક્ષા કરવા અને સંરક્ષિત રાખવામાં સંગ્રહાલય આપણી મદદ કરે છે. તે આપણને એ વાત સમજવામાં મદદ કરે છે કે લોકો પ્રાચીન સમયમાં કેવી રીતે રહેતા હતા. અને આ જ્ઞાન આપણને આપણી ભાવિ યોજનાઓને બનાવવામાં મદદ કરે છે. આજના સંગ્રહાલયોમાં ઈતિહાસના શિલ્પ ઉપકરણો વિશે રેકોર્ડ કરીને પણ રાખવામાં આવ્યું છે જેના વિશે કોઈ પણ ઓડિયોગાઈડથી સાંભળીને જાણી શકાય છે.



AMALGAMATION GRAPHICS

આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ ૧૮ મેના રોજ એટલે આપણી એક સાંસ્કૃતિક ભાગીદારી રૂપે ઊજવવામાં આવે છે જેથી સંગ્રહાલયને જાણી શકાય.''

રમેશે કહ્યું, ''તો એમ વાત છે? શું આપણે તે દિવસે એક સંગ્રહાલય જોવા જવું જોઈએ?''

શ્રીપતિએ કહ્યું, ''હા, હું પહેલાં ક્યારેય પણ સંગ્રહાલય ફરવા નથી ગયો. આ ખૂબ જ સારું રહેશે કે તે દિવસે જો આપણે એક સંગ્રહાલય જોવા જવાની યોજના બનાવી લો.''

ભાગીરથિએ કહ્યું, ''જરૂર, તમે તમારાં મમ્મીપપ્પાને આ બાબતે કેમ નથી કહેતા? આપણે બધા એકસાથે મળીને એક યોજના બનાવી શકીએ છીએ.''

લલિતાએ કહ્યું, ''હા, અમે ચોક્કસ કહીશું.'' સંજીવીએ કહ્યું, ''હા, હું તો કેટલાય દિવસથી કોઈ ટ્રિપ પર જવાની રાહ જોઈ રહી છું.''

નારાયણ જે તેમની વાતચીતને ખૂબ ધ્યાનથી સાંભળી રહ્યો હતો બોલ્યો, ''જ્યારે હું મોટો થઈશ, ત્યારે હું ઈતિહાસનો ટીચર બનીશ. આ તર્કથી હું મારા દેશના ઈતિહાસ વિશે વધારેમાં વધારે વાંચી શકીશ અને ભણાવી શકીશ.''

ભાગીરથિએ કહ્યું, ''હા ન માત્ર પોતાના દેશના ઈતિહાસ વિશે પણ પૂરી દુનિયાના ઈતિહાસ વિશે જાણી શકીશું.''

શારદા, રમેશ, શ્રીપતિ, લલિતા, સદાશિવ અને સંજીવીએ ત્યારે પોતપોતાના ઘરે જવાનો નિશ્ચય કર્યો. શારદાએ કહ્યું, ''સ્વાદિષ્ટ ગુલાબજાંબુ માટે ધન્યવાદ આંટી આપણે બધા એકસાથે સંગ્રહાલય ફરવા જવાની યોજના બનાવીશું.''

''અને સુંદર શિલ્પ ઉપકરણ માટે પણ ધન્યવાદ. જો આ ન જોયું હોત તો સંગ્રહાલય ફરવા જવાની યોજના બનાવવાનો વિચાર પણ ન આવતો.'' સદાશિવે કહ્યું અને તે પછી બધા ત્યાંથી જતા રહ્યા. ●

ઉત્તર પૃષ્ઠ :

પૃષ્ઠ ૧૮ : છુપા ચિત્ર શોધો :



પૃષ્ઠ ૨૮ : વિશ્વ જૈવ વિવિધતા દિન :

૧. સાપ	૯. બંદર
૨. પાડો	૧૦. મોર
૩. ઝિબ્રા	૧૧. સફેદ હાથી
૪. ભેડિયા	૧૨. કચ્છપ
૫. શેર	૧૩. રાયલ બંગાલ ટાઈગર
૬. જિરાફ	૧૪. હરા તોતા
૭. ગેંડો	૧૫. શાર્ક માછલી
૮. દરિયાઈ ઘોડો	૧૬. ભૂરા ભાલુ

પૃષ્ઠ ૩૯ : પર્યાયવાચી શબ્દ :

૧. મોટું	-	લાંબુ
૨. શીખવું	-	સમજવું
૩. કહાણી	-	વાર્તા
૪. સાચું	-	યોગ્ય
૫. શરૂ	-	આરંભ
૬. ચોર	-	લૂટારો
૭. પૃથ્વી	-	ધરતી
૮. મૂલ્ય	-	કિંમત
૯. ઝડપ	-	જલદી
૧૦. હોબાળો	-	ચીસાચીસ

પૃષ્ઠ ૪૦ : રસ્તો શોધો :

